શૈશવ

બાળ અધિકાર સંસ્થા

# વાર્ષિક અહેવાલ

## ૨૦૧૯-૨૦



શૈશવ
બાળ અધિકાર સંસ્થા


ટ્રસ્ટી મંડળ

૧ શ્રી ફાલ્ગુન શેઠ

૨ શ્રી પારૂલ શેઠ

૩ શ્રી નિમિષા દેસાઈ

૪ ડો. પંકજ શાહ

૫ ડો. એસ. શ્રીધર

૬ શ્રી અનિતા શાહ

૭ શ્રી સંજય દેસાઈ

૮ શ્રી સંગીતા ગરત

૯ ડો. પારસ મહેતા

૧૦ શ્રી જતીન જલુંધવાલા


## અમારી દૃષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યકિતગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

સ્વસ્થ બાળક... સ્વસ્થ માનવ... સ્વસ્થ સમાજ...

## અમારું ધ્યેય

દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.


**સંસ્થા કાર્યાલય :** શૈશવ
બ્લોક નં.૩, બીજે માળે, બી-વિંગ,
સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૫૪૨૮૫૬૭
E-mail : info@shaishavchaildrights.org
Web. : shaishavchildrights.org

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ.


- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એકટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુકિતને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.

# વિહંગાવલોકન :

શૈશવના કાર્યની શરૂઆત થઈ અને જોતજોતામાં ૨૫ વર્ષ વીતી ગયાં. કાર્યના સંતોષ સાથે આનંદ અને ગૌરવ થાય અને બીજી બાજુ હજી ઘણી લાંબી મંઝીલ ખેડવાની છે તે પણ સતત યાદ આવે ! આજે પણ બાળકો સમાજની પ્રાથમિકતા બન્યા નથી એ દુઃખ સાથે કહેવું પડે છે !

'આજ લહેરોમેં નિમંત્રણ તીર પર કૈસે રૂકુ મૈં' - આમ અમે બાળકો સાથે ચાલતા રહ્યાં, આ વર્ષે શૈશવના કાર્યકાળની સીલ્વર જયુબીલી પણ જાન્યુઆરી ૨૦૨૦માં ઉજવી એ રીતે એક માઈલસ્ટોન છે!

આ વર્ષ એટલા માટે પણ મહત્વપૂર્ણ બની રહ્યું છે કારણ કે ગત વર્ષથી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ગામોમાં નવા કાર્યક્રમ 'આરણ્યક' ની શરૂઆત કરી હતી. તે કાર્યક્રમ ધીમી પણ મક્કમ ગતિ સાથે આઠેક આશ્રમશાળાઓ, પાંચ ગામોમાં તથા બે શાળાઓમાં નિયમિત રીતે આ વર્ષથી વિકસી રહ્યો છે. એથીય વિશેષ વાત એ હતી કે કોરોના વાયરસના કાળમાં જયારે માનવજાતને અનેક પ્રકારની ટેવો બદલવાની લગભગ ફરજ પડી છે, સમગ્ર જીવનશૈલી તપાસવાની જરૂરીયાત ઉભી થઈ છે ત્યારે 'આરણ્યક' કાર્યક્રમ પાછળના વિચાર અને પ્રવૃતિઓ કેટલી અમૂલ્ય છે તે અમને વિશેષ સમજાયું અને ખ્યાલ આવ્યો કે આ સમયસરનો બદલાવ આપણે કરી રહ્યાં છીએ.

**શૈશવ રજત જયંતિ મહોત્સવ**

શૈશવની સ્થાપના કરી અને ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવી કાર્યની શરૂઆત કર્યાને જોતજોતામાં ગત વર્ષે ૨૫ વર્ષ થયા, પણ આ અંગેનો ઉત્સવ અમે આ વર્ષે ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સમગ્ર કાર્યક્રમ પરંપરાગત છતાં વિશિષ્ટ રીતે કાર્યક્રમ ઉજવ્યો હતો ! કાર્યક્રમ કેવળ પ્રવચનોનો ન બની રહેતા અન્યોન્યના સંવાદને પણ વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું બાળકો દ્વારા નૂતન રીતે સ્વાગત તથા નોંધણી પછી સભાગૃહમાં પ્રથમ સત્રની શરૂઆત પ્રાર્થનાથી કર્યા પછી સંસ્થાના ટ્રસ્ટીશ્રી અનિતાબહેને સૌનું ભાવભર્યુ શાબ્દીક સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો, બાલસેના, તરૂણસેનાના પ્રતિનિધિઓ, કાર્યકરો, ટ્રસ્ટીઓ તથા સેવા રૂરલ સંસ્થાના પ્રતિનિધિ ટ્રસ્ટી દ્વારા ૨૫ દિવા પ્રગટાવી કાર્યક્રમને ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો.

શરૂઆતમાં જ જાણીતા લેખક, વિચારક અને ચિંતક એવા શ્રી સુભાષભાઈ ભટ્ટે શૈશવની યાત્રાને ખરા અર્થમાં યાત્રા ગણી સંસ્થાના કાર્યની દાર્શનિક બાબતોને પ્રકાશમાં લાવી જણાવ્યું હતું કે આ યાત્રા ન બની રહેતા સહયાત્રા બની રહી છે. સમાજમાં જયારે સભ્યતા, સંવેદના, મૂલ્યો વગેરેનું જે રીતે અવમૂલ્યન થઈ રહ્યું છે ત્યારે શૈશવે તિરસ્કૃત સમાજના વંચિત બાળકોના બાળપણને કેવળ શોષિત મજુરીમાંથી જ છોડાવ્યું છે તેવું નથી તેઓએ બાળપણને રક્ષિત કરી સંવર્ધન કર્યુ છે. કેળવણીની સૌથી મોટી નકારાત્મક વાત એ છે કે પ્રથમ હરોળમાં ઉભા રહેવાની સ્પર્ધાને લીધે, ટકાવારીની દોડને લીધે સમાજમાં અસ્થિરતા, અરાજકતા વ્યાપી રહી છે. ત્યારે શૈશવે સાચા અર્થમાં કેળવણીનું ખેડાણ કર્યુ છે. બાળકોને ગમતું, બાળકોની સહભાગિતા-મૈત્રીને અંકે કરી કેવળ નિમિત બની શૈશવે એક સ્વસ્થલોકશાહીના મૂલ્યોથી સભર બાળકને સંસ્કાર્યા છે, તેઓમાં રહેલી સારપને બહાર કાઢવાનો અદ્‌ભૂત પ્રયોગ કર્યો છે. આમ સુભાષભાઈએ સંસ્થાની સફળતાઓ કે સિદ્ધિના આંકડાઓની વાત કરવાના બદલે ભાવના-મૂલ્યોને અગ્રીમ બનાવી ચર્ચાનો એક સુંદર પાયો ઉભો કરી આપ્યો હતો.

ત્યારબાદ શૈશવની ૨૫ વર્ષની યાત્રાનો અહેવાલ કોઈ એકાદ વ્યકિત આપે તેના બદલે નવતર રીતે પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જાણીતા સાહિત્યકાર અને ગુજરાતી ભાષા ભવનના અધ્યક્ષ પ્રો.શ્રી મહેન્દ્રસિંહ પરમારે શૈશવના કાર્યો-આયામો, પડકારો, મુશ્કેલીઓ, સુખદ-દુઃખદ ઘટનાઓથી લઈને કેડી પર ચાલતા રહેવાની મથામણોને પ્રશ્નોના માધ્યમથી શૈશવના સ્થાપકો પૈકીના પારૂલબહેન અને ફાલ્ગુનભાઈ સાથે સંવાદ કરી શૈશવના માંહ્યલાને તપાસીને દર્શન કરાવ્યા હતાં. આ દરમ્યાન શૈશવના સ્પર્શ પામેલાં કેટલાક બાળકો, કાર્યકરો અને તરૂણોએ પણ તેઓના જીવનની વાતો રજુ કરતાં સમગ્ર કથા જીવંત બની રહી હતી.

શૈશવની શરૂઆતથી એક વાત સ્પષ્ટ હતી કે આપણે બાળકો સાથે ચાલવાનું છે નહીં કે આપણી ઈચ્છા મુજબ બાળકો ચાલે ! એટલે જ સમગ્ર ૨૫ વર્ષની કામગીરી એ બાળપણની શોધ બની રહીં છે.બાળક મજુરી છોડી કેવળ શાળામાં ભણતો થઈ જાય તે સંસ્થાનો ઈરાદો ન હતો, એને તો સમગ્ર બાળપણમાં રસ છે. પરિણામે બાળપણ સમગ્ર કાર્યનું કાર્યબિંદુ રહ્યું છે. આ ૨૫ વર્ષની પ્રવૃતિઓ કેવળ પ્રવૃતિ ન રહેતા એક અવિરત યાત્રાનું એવું બિંદુ છે જે આગળ નજર કરવાની સાથોસાથપાછળ નજર કરવાની પણ તક આપે છે. સંસ્થાને આ ૨૫ વર્ષમાં શું શીખવા મળ્યું તેનું દસ્તાવેજીકરણ પણ કરવામાં આવ્યું હતું. 'બાળપણ : એક અવિરત ખોજ' પુસ્તકનું વિમોચન કાર્યક્રમમાં પધારેલા મહેમાનો શ્રી રમેશભાઈ સંઘવી, શ્રી સુદર્શન આયંગર, ડૉ. જીમ અને શ્રી રંજન મોહન્તી, ડૉ.ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી સુભાષભાઈ ભટ્ટ, પ્રો શ્રી મહેન્દ્રસિંહ પરમાર, શ્રી રાજેન્દ્રસિંહજી રાણા, શ્રી સુખદેવભાઈ, શ્રી રાજેશભાઈ તથા શ્રી નાનકભાઈ ભટ્ટના હસ્તે કરવામાં આવ્યું હતું.

વિરામ બાદ બાલસેના અને તરૂણસેના દ્વારા બાળ અધિકારના વિવિધ ગીતો ઉલ્લાસભેર ગવાયા. ત્યારબાદ શૈશવની ૨૫ વર્ષની યાત્રાની ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.જેમાં શૈશવ એ સંસ્થા નથી પણ શૈશવ એટલે મુકત બાળપણ, સ્વતંત્ર માણસ.બાળક એ લાભાર્થી નથી, તે અધિકારી છે, હું બોલી શકું છું, રજુ થઈ શકુ છુ. શૈશવથી જ્ઞાતિના અને લીંગના ભેદભાવો દૂર થયા, નાનામોટાના ખ્યાલો દૂર થયા, બાળપણ એ દુનિયાનો સૌથી મોટો પડકાર છે, મારી માટે બાલસેના એટલે જીવનનું શિક્ષણ-જીવંત શિક્ષણ, વગેરે વિચારો શૈશવ સાથે સંકળાયેલા સૌ કોઈએ ફિલ્મ દ્વારા રજુ કર્યા. ત્યારબાદ ‘શૈશવ કેળવણીના નુતન પ્રયોગો-સંવાદ’ શીર્ષક હેઠળ સ્વપથસંસ્થા તથા બાલઅધિકાર સમૂહ ગુજરાત રાજયના કન્વીનર શ્રી રાજેશભાઈ ભટ્ટ, બાળઅધિકાર કર્મશીલ શ્રી સુખદેવભાઈ પટેલ, કેળવણીકાર ડો.ભદ્રાયુભાઈ વછરાજાની અને વિચારક શ્રી સુભાષભાઈ ભટ્ટ વચ્ચે વિષય અંતર્ગત પ્રશ્નોત્તરીના માધ્યમથી ચર્ચા થઈ. દરેક વકતાઓએ શૈશવને કેન્દ્રમાં રાખીને આજના શિક્ષણ અને શૈશવના કેળવણીના પ્રયત્નો, પ્રયોગશીલતા અને સાંપ્રત સમયની પ્રસ્તુતતા સંદર્ભે વિવેકપૂર્ણ ચર્ચા કરી હતી. શૈશવના દરેક કાર્યમાં, નિર્ણયમાં કે પ્રસ્તુતિમાં બાળકોની સહભાગીદારીતા અને સંગઠીતતા મહત્વની રહી છે. સાથેસાથે કુટુંબમાં, શાળામાં અને સમાજમાં બાળકના સામાજીકરણની પ્રક્રિયામાં શૈશવે મહત્વની ભૂમિકા ભજવી છે. બાળકને જેવું છે તેવું સ્વીકારી તેની આવડતોને ઓળખી તેને ઉમદા કાર્યમાં જોડવાનો આશય શૈશવનો રહ્યો છે. આજના વિશ્વની પર્યાવરણની સમસ્યામાં શૈશવના બાળકોના પ્રયોગો કેટલા પ્રસ્તુત બન્યા છે તે અંગે પણ વાતો કરવામાં આવી હતી.

સેવા રૂરલના ડો. શ્રેય દેસાઈએ અને ઓરિસ્સાથી પધારેલ NACG-EVACના કન્વીનર શ્રી રંજનકુમાર મોહંતીએ પણ શૈશવની આ રાષ્ટ્રીય કામગીરીને ઉમળકાભેર આવકારી હતી. તેઓએ જણાવ્યું કે આ પ્રકારના કાર્યથી નાગરીકોમાં આંતરિક ઉર્જા પ્રાપ્ત થાય છે. સમાજને સારો, પ્રેમાળ, ઉદાર અને લોકશાહીથી સજ્જ નાગરીક મળે છે. બાલસેના અને તરૂણસેનાના બાળકોમાં નિષ્ઠાપણું જોવા મળે છે. પોતાની જાતને ઉજળા કરવાનો આ પ્રયોગ પારૂલબેન અને ફાલ્ગુનભાઈ ખૂબ સફળ થયા છે તેવી લાગણી વ્યકત કરી. રંજનકુમાર મોહંતીએ ઉમેર્યુ કે રાષ્ટ્રીય લેવલે પણ અગ્રીમ રહી પોતાની વાતને આત્મવિશ્વાસથી સૌની વચ્ચે મૂકી શકે છે. અને પછી શૈશવના બાળદોસ્ત અને જાણીતા વકતા અને આજના કાર્યક્રમના સૂત્રધાર નેહલબેન ગઢવીએ બાલસેના અને તરૂણસેનાના બાળકો સાથે વિશિષ્ટ એવો રેપીડ પ્રશ્નોત્તરીનો રાઉન્ડ કર્યો !કેટલાક પ્રશ્નો કર્યા જેમાં બાલસેનાના બાળકોએ શૈશવ દ્વારા પ્રાપ્ત કરેલ મૂલ્યો અને સંસ્કારોની મોકળા મને વાત કરી. જો શૈશવ ના હોત તો પોતે કયાં હોત, કેવી સ્થિતિમાં હોત તેની પ્રતિતિ પણ સૌને કરાવી. શૈશવ સાથે સંકળાયેલ બાળકો અને ન સંકળાયેલ બાળકો વચ્ચેના ભેદને ખૂબજ વ્યવસ્થિત ઉદાહરણો દ્વારા સૌની વચ્ચે મૂકી આપ્યા. શૈશવથી વ્યકિતગત અને કૌટુંબીક વિકાસની ગાથાને વર્ણવી. શૈશવથી ચારીત્ર્ય ઘડતર, વ્યસનથી દૂરતા, અને વૈયકિતક ભિન્નતામાં પણ અન્ય બાળકોથી શૈશવના બાળ તરૂણસેનાના બાળકો કેવી રીતે જુદા તરી આવે છે તેની પણ વાત કરી. કોઈ ઈનામની લાલચ કે ભેટ-સોગાદની આશા વગર શૈશવમાંથી જે મળ્યું તે અમૂલ્ય મળ્યું તેવો સંતોષ પણ અભિવ્યકત કર્યો હતો. અને વિશેષમાં સૌ બાળકોએ આવું ભગીરથકાર્ય માત્ર ભાવનગર પૂરતું સીમિત ના રહેતા સમગ્ર ગુજરાતમાં અને જયાં જયા બાળકો છે ત્યાં ત્યાં પહોંચવું જોઈએ તેવી આશા અને અપેક્ષા વ્યકત કરી હતી. આવતી કાલે જો શૈશવ બંધ થાય તો અમે સૌ બાળ-તરૂણસેનાના બાળકો પોતે અલગ અલગ વિસ્તારમાં શૈશવ ઊભું કરીશું તેવો વિશ્વાસ પણ આપ્યો હતો. ત્યારબાદ બાળ-તરૂણસેનાના બાળકોએ પોતાના સંગઠનના ગીતો સુંદર અને લયબદ્ધ રીતે ગાઈ સૌના હૃદય જીતી લીધા હતાં.

નાનકડા વિરામ બાદ ગાંધી વિચારક અને કેળવણીકાર શ્રી રમેશભાઇ સંઘવીએ ‘યથાર્થ બાળપણની ખોજમાં શૈશવની યાત્રા’ શીર્ષક અંતર્ગત ખૂબ પ્રભાવી વકતવ્ય આપ્યું. તેઓએ શૈશવના બીજને વૃક્ષ થતાં જોઈને હર્ષ સાથે જણાવ્યું કે અહીં સુધી પહોંચતા શૈશવની સમગ્ર ટીમે ઘણું સહન કરવાનું થયું છે. સત્યની શોધ માટે બાળપણ ખૂબ મહત્વનું છે. કારણ કે આ અવસ્થામાં તૃષ્ણા, લાલચ, મોહ વગેરે હોતા નથી. એટલે બાળકોમાં સત્યતા વધું જોવા મળશે. જેમણે પોતાના નિરીક્ષણ દ્વારા જણાવ્યું કે સમાજમાં ત્રણ પ્રકારના લોકો જોવા મળે છે : ભોગી,ત્યાગી અને યોગી. ભોગી માણસ સૃષ્ટીને લાલચ અને ભોગવાદી દ્દષ્ટીએ જોવે છે, ત્યાગી વ્યકિત સમાજનું સર્વસ્વ ત્યાગીને નદી, પર્વતો, જંગલો અને ભેખડોમાં જઈને જીવન વ્યતીત કરે છે. આ બંને પ્રકારના વ્યકિતઓ સમાજને કોઈ રીતે ઉપયોગી નથી બનતા પરંતુ ત્રીજા પ્રકારના યોગી લોકો સમાજમાં રહીને પોતાના અહંકારને ઓગાળીને, સામાજીક સમસ્યાઓને ઓળખીને તેના નિરાકરણ માટે પ્રયત્નશીલ રહે છે. અને તે જ સાચું મનુષ્યત્વ છે.શૈશવની ટીમે ખરા અર્થમાં ‘યોગી’ બનીને સમાજ માટે ૨૫ વર્ષથી સમાજના આત્મકલ્યાણનો યજ્ઞ કર્યો છે. શૈશવની યાત્રા જોતાં તેમણે ઉમેર્યુ કે જે કાર્ય ઔપચારીક કેળવણીએ કરી બતાવવાનું છે તે કાર્ય શૈશવે કશી જ ભૌતિક સગવડતા કે આંકડાઓની માયાજાળમાં ફસાયા વગર અનૌપચારીક કેળવણી દ્વારા ‘સ્વ’થી ‘સર્વ’સુધી પહોંચાડી બતાવ્યું છે. બાળમજુરી કરતાં બાળકોને તેની અંદર રહેલા આત્મવિશ્વાસને ઓળખીને સમાજને એક નિષ્ઠાવાન, દ્રષ્ટિવાન અને આત્મવિશ્વાસુ નાગરીક આપવાનું યશસ્વીપૂર્ણ કાર્ય શૈશવના પ્લેટફોર્મ પરથી થયું છે માટે શૈશવની આ યાત્રા માત્ર યાત્રા ના રહેતા તીર્થયાત્રા બની રહી છે. મનુભાઈ પંચોળી, ઉમાશંકર જોશી અને ગાંધીજીના વિચારોને ટાંકીને

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

રમેશભાઈએ શૈશવની પ્રવૃતિ અને પ્રયોગોને સમાજના ઘડતર માટે નક્ષત્રમાળા બની રહેશે તેવી આશા સેવી હતી. રાષ્ટ્રના આ બાળકોમાં સમાનતા, સદ્‌ભાવ, સમગ્રતા, સહિષ્ણુતા વગેરે નાગરીકતાના ગુણો લોકશાહી ઢબે ઉજાગર કર્યા છે. બાળ-તરૂણસેનાની વાતોમાં વિવેક અને શાલીનતાના દર્શન કરીને સૌને આવા ભાગીરથકાર્યના સહભાગી બનવા શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ એક નવો ચીલો ચાતરતુ પ્રદર્શન અને Human Library સત્રનું આયોજન હતું. જેમાં બાળ-તરુણસેનાના બાળકો સાથે મહેમાનો વ્યકિતગત સંવાદો કરી શકે તેવું આયોજન હતું. દરેક બાળક પાસે શૈશવ સાથે કાર્ય કર્યાની કેટકેટલી વાતો હતી. આ એક અનોખો પ્રયોગ હતો.ઉપસ્થિત સૌ મહેમાનોને આ મુકત અભિવ્યકિત તથા સંબંધ સ્થાપનનું વિશિષ્ટ કદમ ખૂબજ ગમ્યું ! ભોજન બાદ સંગીત સંધ્યામાં ગુજરાત વિદ્યાપીઠના શ્રી નરેન્દ્રભાઈ શાસ્ત્રીના સૂર સાથે સૌ ગુજરાતી લોકગીતો, ગરબાઓના રંગે રંગાઈ ગયા હતા. ઉમરનો અને પદનો અહંકાર છોડીને સૌ કોઈ બે ઘડી આ બાળકો સાથે નાના બાળકો બનીને નાચી ઉઠયા હતા.

બીજા દિવસની શરૂઆત પણ અનેરા ઉત્સાહ અને ચૈતન્યથી થઈ હતી. કાર્યક્રમની શરૂઆત જ બાળકો સાથે રમત રમીને કરવાની હતી.આજે ૧૨ જાન્યુઆરી હતી.બાલસેનાનો સ્થાપના દિવસ અને સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ. પાંચેક ગૃપ બનાવીને બાળકોએ મોટેરા મહેમાનોને નવીન રમતોમાં જોડી અદ્‌ભૂત અનુભવ કરાવ્યો હતો. દરેક રમત એક વિશિષ્ટતાથી ભરી ભરી હતી અને વૈજ્ઞાનિક દ્રષ્ટીથી પણ તેનું મહત્વ હતું. રમત બાદ મદુરાઈ - તમીલનાડુથી આમંત્રીત ડો. જીમ જેસુદાસ અને તેમના પત્ની શર્મિલાબેને પારૂલબેન અને ફાલ્ગુનભાઈને મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કર્યુ હતું.તેમણે આ કાર્યક્રમને બે સંસ્થાઓનો અને બે રાજયોનો ઘનિષ્ઠ સંબંધ બતાવ્યો હતો. ભૂતકાળમાં પણ બંને સંસ્થાના બાળપ્રતિનિધિઓ જ્યારે વિશ્વકક્ષાએ બ્રાઝીલમાં ભેગા થયા ત્યારથી સંબંધો પણ ઘનિષ્ઠ બનતા ગયા. ડો.જીમે રાષ્ટ્ર કક્ષાએ શૈશવના બાળકોની જે ભૂમિકા રહી છે તે જણાવતા આનંદ અને હર્ષની લાગણી અભિવ્યકત કરી હતી. પારૂલબહેન અને ફાલ્ગુનભાઈએ પણ આરણ્યક, સેતુ અને મહાત્મા ગાંધી નેતૃત્વ અકાદમી વિષે વાત કરીને ભાવિ આયોજનની ઝાંખી કરાવી હતી. સભાખંડમાં બેઠેલા અને શૈશવને વર્ષોથી ઓળખતા લોકોએ પણ શૈશવની કામગીરીને નવાજી હતી. પોતાના અભિપ્રાયો અને સૂચનો કર્યા હતા. ભાવિ આયોજનમાં પોતાના સહયોગ વિષે ભરોસો પણ આપ્યો હતો.

દક્ષિણામૂર્તિના આચાર્ય વિરેન્દ્રભાઈએ સૌની વચ્ચે ‘આપણે પોતે જ થઈ જઈએ ભિનાશ અને ઓગાળી દઈએ આકાશને’, ઊંચે ઊંચે લાલ લાલ જોલા ખાય લીલો, ચાલો ને રમીએ ધીચીપીચી ધીચીપીચી’ વગેરે ગીતોથી સભાખંડ ગુંજવી દીધો હતો. બાળગીતોની રમઝટ વડે સૌના હૃદય ઉત્સાહીત થઈ ગયા હતા. અને ‘ફરી બનવા ચાહું છું પ્રભુ બાળ નાનું’ ઈચ્છા વ્યકત કરતાં હતા.સમાપન વકતવ્ય આપતા ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલપતિ શ્રી સુદર્શનભાઈ આયંગરે પોતાના વકતવ્યમાં શૈશવની સમગ્ર યાત્રાને મોહનદાસ ગાંધીના કાર્ય સાથે સરખાવી હતી. તેમણે કહ્યું કે સમાજમાં સૌથી મોટી સમસ્યા ચારિત્ર્યની છે. સત્યની ખોજ માટે પ્રાયશ્ચીત, પશ્ચાતાપ અને ભૂલનો સ્વીકાર મહત્વનો છે.શૈશવે બાળકોને અકાળે મોટા થતાં અને બાળપણને માણતા કર્યા છે. શૈશવ સાથે સંકળાયેલા બાળકોના વાલીઓએ પણ આવનારા દિવસોમાં શૈશવની સાથે રહીને સમાજના બાળકોના બાળપણને બચાવવું પડશે તેવી ટકોર કરી હતી. સંસ્થાના મોભી ડો. પંકજભાઈએ શૈશવની સમગ્ર કાર્યપદ્ધતિ અને કાર્યક્રમોનો નિષ્કર્ષ આપ્યો હતો.આરણ્યકના પ્રયોગ માટે તરુણો દ્વારા બીજનું વાવેતર કરી પ્રતિકાત્મક સંદેશો પાઠવ્યો હતો. બાલસેનાના પ્રયોગને ૧૭ વર્ષ પૂર્ણ થયાનો સૌએ ગીતો ગાઈને આનંદ વ્યકત કર્યો હતો. ફાલ્ગુનભાઈએ સૌનો આ બે દિવસના કાર્યક્રમમાં સહભાગી થવા માટે આભાર વ્યકત કર્યો હતો.

બે દિવસના આ સમગ્ર રજત જયંતિ ઉત્સવના કાર્યક્રમમાં બાળકોની પ્રવૃતિ પાયામાં રહી હતી. બાળકોના બાળપણને લઈને કેળવણીકારો અને સ્થાનિક સંસ્થાઓને સાથે લઈને શૈશવે ૨૫ વર્ષમાં જે કાર્ય કર્યુ છે તેની પ્રતિતી બુલેટીનબોર્ડ પર સંસ્થાના શુભેચ્છકો અને મિત્રોએ વ્યકત કરેલ લાગણીઓથી ભર્યા સંદેશાઓમાં થતી હતી.

આમ સૌના અમૂલ્ય સહયોગ અને સથવારા સાથે કાર્યક્રમ સફળ નિવડયો હતો. અંતે તો શૈશવ સૌનું છે ! કાર્યના સંતોષની સાથે સમગ્ર ટીમને ગૌરવ દ્વારા પ્રેરણા મળી રહી અને આગળની યાત્રા માટે આ પ્રેમ અને સથવારો બહુ મૂલ્યવાન મૂડીરૂપે સાથે છે.

બાળકોનું પોતાનું સંગઠન બાલસેનાના ૧૭ વર્ષ જોતજોતામાં પૂરા થયાં ! નીત નવીન પ્રવૃતિઓ સાથે તેઓની બાળપ્રવૃતિઓ વિકસતી રહી છે.આ વર્ષે બાળકો સાથે ઝોનલ સ્તરે ચાર તથા સમગ્ર બાલસેના સ્તરે વાર્ષિક કાર્યક્રમમાં રમતો દ્વારા કેળવણીને પ્રાધાન્ય આપી પરંપરાગત નૂતન રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે અન્ય રીતે પણ મહત્વનું બની ગયું !આપ જાણો છો કે શૈશવ દ્વારા કિશોરીઓની સલામતી અને સુરક્ષા માટે ‘વેનલીડો’ આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે. આ અનુસંધાનમાં કટિબદ્ધતા સાથે ટ્રેનર્સ તૈયાર થાય તે માટે પણ શૈશવ સતત પ્રયત્ન કરતું હોય છે.શૈશવમાંથી સ્થાપક પારૂલબહેન માસ્ટર ટ્રેનર તરીકે કાર્ય કરે છે, જ્યારે અગાઉ સંસ્થાના કોમલબહેન તથા નીલમબહેન ટ્રેનર તરીકે સર્ટીફાઈડ થયાં હતાં. આ વર્ષે બાલસેના - તરૂણસેનામંથી દક્ષાબહેન પણ કિશોરીઓને

વેનલીડોના ટ્રેનર તરીકે સર્ટીફાઈડ થયા હતાં ! આમ આ આગવી પરંપરા આગળ ધપી રહીં છે જેનું શૈશવને ગૌરવ છે.

આ વર્ષે મહત્વનું એક કાર્ય જે લાંબા સમયથી થતું ન હતું તે પણ થયું. શૈશવના કાર્યો અને તેની બાળકો પરની અસરને લઈને ઈન્ટરવ્યુ તથા કાર્યક્રમની માહિતી મળી રહે તે રીતે શૈશવની ફિલ્મ મિત્ર મોહિતભાઈ અરોરાની મદદથી તૈયાર કરી. શૈશવની ૨૫ વર્ષની યાત્રા નિમિતે તૈયાર થયેલ આ ફિલ્મને પ્રદર્શિત કરવામાં આવી હતી.

દક્ષિણ ગુજરાતની સંસ્થાઓ દ્વારા દર વર્ષે પૂ. ગાંધીજીની સ્મૃતિમાં ગાંધીમેળાનું વર્ષોથી આયોજન થાય છે.આ વર્ષે બારડોલીમાં તેનુ આયોજન થયું હતું અને તેમાં પણ આસપાસની શાળાઓના બાળકોને સહભાગી કરવામાં આવ્યા હતાં. આ માટે આપણી સંસ્થાને આમંત્રણ આપવામાં આવતા બાળકો પ્રવૃતિના માધ્યમથી ગાંધીજીના જીવન અને સંદેશને સમજી શકે તે માટે તૈયારીઓ કરી પ્રથમ બારડોલી પાસે બોરખડીમાં આવેલ અધ્યાપન મંદિરની પીટીસીની તાલીમાર્થીબહેનોને તાલીમ આપી અને ત્યારબાદ તેઓની મદદથી ગાંધીમેળાની પ્રવૃતિઓમાં સહભાગી થવા આવેલ ૧૫૦૦ ઉપરાંત બાળકોને રમતપ્રવૃતિઓ દ્વારા ગાંધીજીની વાતોને પહોંચાડી હતી. અને તેથી કાર્યક્રમનું નામ આપ્યું હતું ''ચાલને રમીએ ગાંધી ગાંધી'' આમ શૈશવ દ્વારા ગાંધીનો સંદેશ નૂતન પ્રવૃતિઓ દ્વારા આપવામાં આવ્યો હતો.

ગુજરાતમાં બાળકો સાથે કાર્યરત સંસ્થાઓ અને વ્યકિતઓના સ્વૈચ્છિક સંગઠન-નેટવર્ક 'બાળ અધિકાર સમૂહ - ગુજરાત તથા યુનિસેફ દ્વારા નવેમ્બરમાં બાળ અધિકાર સપ્તાહ નિમિતે આયોજિત દાંડીયાત્રામાં પણ શૈશવે વિશેષ જવાબદારી નિભાવી હતી.

સંસ્થા દ્વારા વિશેષ અનુભવ અને સમજણ મળી એ હેતુથી જુદા-જુદા સંસ્થાઓ અને વ્યકિત વિશેષો ને મળવાનો ઉપક્રમ યોજાતો રહે છે. આ વર્ષે ઓગષ્ટ-૧૯માં સંસ્થાના કાર્યકરો કચ્છનો પ્રવાસ યોજી પૂ કાંતિસેનભાઈ શ્રોફ(કાંતિકાકા), પૂ.શ્રી રમેશભાઈ સંઘવીની મૂલાકાત ઉપરાંત કચ્છ મહિલા વિકાસ સંગઠન, શિશુકુંજ અને હુન્નરશાળા વગેરે સંસ્થાઓની મુલાકાત લઈ કાર્યોને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રવાસમાંથી પાછા વળતા જસદણ તાલુકાના ઢેંઢુકી ગામમાં કાર્યરત લોકમિત્ર સંસ્થા- શ્રી ચૈતન્યભાઈ અને સોનલબહેનની મુલાકાત કરી તેઓના કાર્યોને નિહાળ્યા હતાં. તથા બાળકો સાથે ગોષ્ઠી કરી હતી.

મે ૨૦૧૯માં શિક્ષણના વૈકલ્પીક પ્રવાહ પર કાર્ય કરતાં વિવિધ વ્યકિતઓ - સંસ્થાઓના નેટવર્ક મલ્ટી વર્સીટી એલાયન્સના વાર્ષિક મિલનમાં શૈશવમાંથી શ્રી પારૂલબહેન અને ઈશાબહેને હિમાચલ પ્રદેશના બીરમાં ભાગ લઈ પ્રતિનિધિત્વ કર્યુ હતું. આ ઉપરાંત સપ્ટેમ્બર -૧૯માં બેંગ્લોરમાં આયોજિત આંતરરાષ્ટ્રીય એજયુકેશન ફેરમાં ઈશાએ ભાગ લીધો હતો.

આમ સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમો દ્વારા શૈશવના કાર્યને વિશેષ અર્થપૂર્ણ બનાવી શકયા હતાં.

આ સાથે સંસ્થાના ૨૫ વર્ષ નિમિતે અનેક શુભેચ્છકો, દાતાઓ, મિત્રો અને સંસ્થાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી, આ પૈકી કેટલાક સંદેશા અહીંયા મૂકયા છે.

બાળપણની અવિરત ખોજમાં આપ સૌનો પ્રેમ, હુંફ, સહયોગ અમને મળતો રહેશે એ શ્રદ્ધા સાથે આપણે સૌ અને બધા જ પૂ. વિનોબા ભાવેની એ વાતના મૂલ્યનું સમર્થન કરીએ 'મારી જીંદગીના બધાજ કાર્ય દિલોને જોડવાના એક માત્ર ઉદ્દેશથી પ્રેરીત છે !'

## કેટલાક પત્રો..........

'' પ્રિય પારૂલ, ફાલ્ગુન અને શૈશવના સૌ કાર્યકરો

સૌપ્રથમ તો શારદા મહિલા વિકાસ સોસાયટી અને સેવારૂરલ પરિવાર વતી આપે ૨૫ વર્ષ પુરા કર્યા તેના ખાસ ખાસ અભીનંદન. મારી તબિયત અને અન્ય કારણસર હાજર રહી શકી નથી તે માટે માફ કરશો.

આપ સૌ એ ૨૫ વર્ષની યાત્રા પૂરી કરી તેનો અમે સહુ આનંદ અને ગૌરવ અનુભવી રહ્યાં છીએ. આ યાત્રામાં ઘણાબધા ઉતાર ચઢાવ આવ્યા તેનો સૌએ સાથે મળીને હિંમતભેર અને ઉત્સાહપૂર્વક સામનો કરીને જે આગેકુચ કરી છે તેના અમે સાક્ષી છીએ, થોડે ઘણે અંશે ભાગીદાર ખરા જ ને? બાળકો અને યુવાનોના મનમાં અનેક પ્રશ્નો અને મુંઝવણો ઉભા થતા રહે છે તેને વ્યકત કરીને તેનો ઉકેલ લાવવામાં તેઓ એકબીજા સાથે આદાન-પ્રદાન કરી શકે તેમજ આપ જેવા તજજ્ઞો અને જે તે વિષયના નિષ્ણાંતોના અનુભવોનું ભાથું પિરસીને તેઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરવા સુંદર પ્લેટફોર્મ પુરૂ પાડ્યું છે. આ પ્રક્રિયામાં સમાજનાં આગેવાનો, વડિલો અને વાલીઓને ભાગીદાર બનાવ્યા છે તે પ્રશંસનીય છે. આ બાળકો અને યુવાનો આદર્શ નાગરિક બને તેમજ સમાજનું નેતૃત્વ પુરૂ પાડે એવી આશા અને શુભેચ્છા છે. ભગવાન આપ સૌને શકિત, સમજ અને બળ આપે એ જ પ્રાર્થના છેલ્લે.....

We are Proud of you સપ્રેમ લત્તાની શુભેચ્છા...સાથે''

(ડો. લત્તાબહેન દેસાઈ, સેવા-રૂરલ સંસ્થા, ઝઘડીયા. જિ. ભરૂચ)

'' અઢી દાયકાની શૈશવની અદ્‌ભૂત અને અનેરી યાત્રા

શૈશવની અઢી દાયકાની યાત્રા પૂરી થઈ રહી છે ત્યારે, જેમને હું મારા હમસફર માનું છું તેવા પારૂલ-ફાલ્ગુન દંપતીને સમગ્ર ઓએસિસ પરિવાર તરફથી હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

'ઓએસિસ'ની મજલ ૧૯૮૯માં શરૂ થઈ ત્યારે અમારું ધ્યાન યુવા પ્રવૃત્તિમાં જ હતું. ૫-૭ વર્ષ પછી 'શૈશવ'નું નામ અછડતું સાંભળવામાં આવ્યું હતુ. મને યાદ છે કે એ નામ જ મને ખૂબ ગમી ગયું હતું. ત્યારે પણ મનમાં એમ ઈચ્છા થઈ હતી કે આવો ખૂબસૂરત શબ્દ પસંદ કરનાર લોકોને મળવાનું કયારે થશે.વળી પાછા થોડા વર્ષો દરમ્યાન 'શૈશવ' અને 'બાલસેના' વિષે અલપઝલપ વાંચવામાં પણ આવતું જેનાથી શૈશવ માટે આદર વધતો જતો. વર્ષો પછી જ્યારે 'ઓએસિસ'ની પ્રવૃત્તિઓ તરુણો અને બાળકો તરફ વળી , ત્યારે શૈશવની સંકલ્પના અને ફિલસુફી માટેનું માન અનેકગણું વધી ગયું. આજે 'ઓએસિસ' વિદ્યાર્થીઓને માટે લોકશાહી આધારીત અનોખા શિબિરો તેમજ બાળ-સ્વતંત્રતા અભિયાન ચલાવે છે, તેના ગુજરાતના પાયોનિયર હું પારૂલ-ફાલ્ગુનને માનું છું.

પારૂલ-ફાલ્ગુનને હું આંગળીના વેઢે ગણાય તેટલી જ વાર મળ્યો હોઈશ, પરંતુ મળતા જ દિલમાં વસી જાય તેવું અનન્ય ઋજું અને શાલીન તેમનું વ્યક્તિત્વ છે. બાળકો માટેની ભારોભાર સંવેદનશીલતા 'શૈશવ'ની પાયાની ફિલસુફીનું ઊંડાણ, તેની પાછળની પોતીકી વિચારશીલતા એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે મૂલ્યો પ્રત્યેની સજજતા, કલ્પનાશીલતા અને મૌલિકતા...બંનેના આવા આવા ગુણોથી શૈશવનુ પોત ઘડાયું છે.સમાજકલ્યાણના કોઈપણ કાર્યને પચ્ચીસ વર્ષો સુધી સમર્પિતતાથી ચલાવવું, મૂલ્યનિષ્ઠ રહી વિકસાવવું, અનેક સમસ્યાઓને પ્રલોભનો સામે અડગ રહેવુ, આ કોઈ નાની સુની ઉપલબ્ધી નથી. આપણે પારૂલ-ફાલ્ગુનનો અને શૈશવને જેટલા સલામ કરીએ તેટલા ઓછા છે.

શૈશવને હું ખાલી સંસ્થા તરીકે નથી જોતો. તે એક વિચાર છે, સમાજની બુનિયાદી જરૂરીયાત છે.સમાજે તેના તરફ જાગૃત થવું જ રહ્યુ. બાળઅધિકાર માટે વિશ્વભરમાં ચાલતી ઝુંબેશનું આપણને ગૌરવ થાય તેવું ઘરઆંગળાનું તે તેજસ્વી પરિણામ અને સ્વરૂપ છે. કેવળ ભાવનગર જ નહીં સમગ્ર ગુજરાત અને સમગ્ર દેશને શૈશવની આવશ્યકતા છે.ભલે આજે તે એક સંસ્થા સ્વરૂપે હોય, આજે નહીં તો કાલે સમાજે, શિક્ષણ વ્યવસ્થાએ તેનો સ્વીકાર કરવો જ રહ્યો. ઉજજવળ ભવિષ્ય માટે તેનો કોઈ વિકલ્પ નથી.

હાલ 'ઓએસિસ'નું પણ વાર્ષિક મિલન ચાલી રહ્યું હોવાથી શૈશવની ઉજવણીમાં જાતે ઉપસ્થિત ન રહી શકવા બદલ દિલગીરી વ્યકત કરું છું. પારૂલ-ફાલ્ગુનને ફરી તેમની આ અદ્‌ભૂત જીવનયાત્રા માટે ધન્યવાદ પાઠવું છું. આવનારા વર્ષોમાં શૈશવ વટવૃક્ષની જેમ ફાલે-વિકસે તેવી પ્રાર્થના. એક હમસફર સંસ્થા તરીકે 'ઓએસિસ'તેમાં કોઈ જગ્યાએ મદદરૂપ થઈ શકે તો અમે તે બદલ પ્રસન્નતા અને કૃતજ્ઞતા અનુભવીશું. તે નોંધ સાથે વિરમું છું.

સંજીવ શાહ

'ઓએસિસ' ઝુંબેશ''

વડોદરા

---

'' શૈશવ પરિવારમાં ગુંજતા પ્રિય પારૂલ-ફાલ્ગુન

શૈશવનો એ પહેલો દિવસ યાદ છે. એ ઓટલો, એ મેદાન અને બાળકોનો કિલકીલાટ.તે દિવસને આજે ૨૫ વર્ષ થઈ ગયા, તે મારા માન્યમાં આવતું નથી. આજે ૧૨મીએ તમારી સમક્ષ આવીને ઉભી રહેવાની હતી પણ બન્યુ એવું કે હું બાળપણની ખોજમાં પડી ગઈ! અને અહીં જ થંભી ગઈ!

શૈશવનું બાળપણ જીવનભર સાચવી રાખવા જેવુ છે. તે હવે આ મોટી ઉંમરે, ૮૭ સમજાય છે.

જલ્દી મોટા થવાની હોશ હતી, હવે નથી !સમાજની અપેક્ષા શું હશે તે સમજાયું નથી ! જે હશે એ, પણ પારૂલ અને ફાલ્ગુનના શૈશવ તરફનું ખેંચાણ હજુ મને પકડી રાખે છે.

શૈશવને તે શોધવાનું હોય? મારી જાતને પુછું છું. સૌની અંદર પડયુ છે. પાથર્યુ નથી, અભિવ્યકત થવા થનગને છે પણ તેને જરા છુટુ મકીએ, મોટાપાનો ભાર હળવો કરીએ તો ને !દોડાદોડી કરશે ! કરે છે.ઉપર ચડી કુદકા મારે છે.મોટાઓની કરામતો ધ્યાનથી નોંધશે.આતો જેને પોતા-પોતી હશે તે જલદી સમજશે.

જેમ શિશુ જીવનને કેમ જુએ છે તેમજ જીવન શિશુને કેમ જુએ છે તે વિચારવા જેવું છે, પારૂલબેન પાસે સમજવા જેવું છે. જેમ જીવન વિતે છે તેમ શિશુના સાથેના સંવાદ અને તેમાંય શિશુંને સાંભળીએ છીએ ત્યારે શિશુ કરતાં મોટાને વધુ જ્ઞાન અને સમજણ મળે છે એવો અનુભવ મને કેટલીક વાર થયો છે, તમને તો જીંદગીભર થતો આવ્યો છે, પારૂલ-ફાલ્ગુન તમો કેવા નસીબદાર !

બાળઅધિકાર જેટલું જ અગત્યનું મોટાઓની જવાબદારીનું છે. સ્વિડનની બેન ગ્રેટા અમસ્તી ગરમ નથી થઈ, આપણા મોટાઓ પર! જવાબદારી અને અધિકાર અન્યોન્ય છે, છૂટા પાડી શકાતા નથી.

કેળવણી કોની ?શિશુની કે આપણી ? આપણે શિશુ પાસે શું શિખ્યા ?શૈશવ ભારોભાર અર્થપૂર્ણ છે.

તેમાંથી સાર્થકતા શોધીએ તે અમો, મોટાઓથી મોટા થયા પછીની યથાર્થતા.

શિશુને આપણે કેમ રમતગમત અને નાચગાન પર લાવી અટકી જઈએ છીએ ? શું શિશુઓનું જ્ઞાન વિજ્ઞાન ન હોય ? શું શિશુઓની ફિલસુફી કે મનોરાજ્ય ન હોય ? શિશુઓનું આયોજન/પ્લાનીંગ કેવુ હોય ? સાહિત્યનું થોડું ખબર છે પણ શિશુવ્યાકરણ પ્લાનીંગ કેવું હોય ? તમને નથી લાગતુ, પારૂલ-ફાલ્ગુન, કે આપણે શિશુની કાયા-મન-ચેતનાની શકિતને ઓછી આંકી છે ?

શૈશવમાં આરણ્યક(ચલ હવે જંગલીવેડા બંધ કર બેટા !)અને આરણ્યકમાં શૈશવ તરફ જવાનો પુનઃ પ્રયત્ન છે, તેમ તો નથી ને ? એવું જ કાંડ થઈ જાય તો નવાઈ ન પામતા !મને યાદ કરજો !

અઢળક સપ્રેમ,

તમારી  ઈલાબેન’’

(શ્રી ઈલાબહેન ભટ્ટ, સેવા, અમદાવાદ)

---

**"Shaishav - A Catalyst in Child Participation Movement**

**(A Testimonial Tribute by Dr.C.Jim Jesudoss)**

At the outset, I take this opportunity to CONGRATULATE Shaishav for having reached this milestone called 'Silver Jubilee'. This tireless journey for the past two and a half decades in defending the rights of children from underprivileged backgrounds makes Shaishav very special and unique in the development sector. It is important to note that Shaishav made this journey with children, which qualifies it as a 'child centred organization' and everyone gallied with shaishav would vouch that children are at the centre stage of shaishav at all times.

This has become possible only because of the dedication two noble souls Parulben and Falgunbhai, the founders of Shaishav who dreamed about Shaishav what it is today. Yes, Parul and Falgun are visionaries who committed their lives for impacting change in the lives of thousands of children from marginalized communities. Parul and Falgun are devoted ChildRights Defenders who toiled hard in defending the rights of voiceless children from various disadvantaged backgrounds. I am proud and privileged that I have joined hands with Shaishav in this journey since 2005. Yes, Sakthi  Vidiyal and Shaishav share identical vision in upholding and defending Child Rights. My wife Dr.Sharmila and I feel honoured to be part of the silver jubilee celebration.

It gives me great pleasure to stand before you to share my testimony on how Shaishav is recognised as a Catalyst in the Child Participation Movement in India. An African proverb says "A tree is known by its fruit" which is very apt to begin the story of Shaishav and the Child Participation Movement. After world Social Forum held in Mumbai in 2004, the CR4WSF (Child Rights For World gaining momentum for Child Rights and Child Participation in the Social Forum), an umbrella group of Child Rights organizations, decided to take forward the zeal to the next World Social Forum (WSF) to be held in Porto Alegre in Brazil in 2005. To choose the child delegates, a children's consultation was organized in Bangalore in October 2004. I participated in this consultation as a child facilitator cum translator for the children represented Vidiyal Child Rights Movement, a child led organization that we facilitate. While the process was on I noticed that those children who wore a pink scarf were with high energy and their comments on the Child Rights discourse were very sharp and mind blowing. When I asked they told that they were from a children's organization called BALSENA, facilitated by Shaishav a voluntary organization in Gujarat. At the end of the consultation children elected four children through a secret ballot and not to my surprise Sonal a girl from Balsena was one among the four. I am sure Sonal is here and I request the gathering to give her a thunderous applause that she stood as a witness to Shaishav's work in upholding Child Participation. Yes, a tree is known by its fruit.

Ranjith Kumar, a boy from Vidiyal Child Rights Movement was among the delegation that represented India in the WSF 2005 at Brazil. In January 2005 we went to Brazil and children created an impressive impact in WSF 2005. Again Sonal proved her mettle in every platform and even challenged the accompanying adults when they infringed children's rights. Ranjith and Sonal became good friends and carried back the enthusiasm to their children's movements. At that time they didn't know that they were going to be the instruments in building a National Children's Movement in the future.

Only in the follow up children's meet that was held at Konark I met Parul and we co facilitated the children's process. I was impressed by the creative methodology used by Parul to disseminate concept of child participation to children and I still remember the Akbar and Birbal story narrated by her. The friendship initiated by Sonal and Ranjith became a friendship between two organizations that too from two different states. At the end of the consultation children decided to continue their journey and we adults gave assurance that we would find ways to build a national network of children's organisations.

As part of the India Social Forum held in 2006 in New Delhi, another children's consultation was organized by CR4WSF. Shaishav was part of the team and facilitated the children's

processes with child friendly tools and created a congenial environment for children's participation. This again reminded us the promise that we made to children about building a National Children's Movement.

We all got busy though, Parul didn't keep quiet. She discussed with the children of Balsena about the idea of initiating a National Children's collective. in 2007 at the annual event of Balsena a few children'sorganizations were invited and Ranjith and two other children from VCRM came to Bhavnagar to show solidarity. After that Parul and Falgun did give serious attention to the fact that only through building a national platform for children, their voices could be heard in all issues concerning them. In a country like India Children never get an opportunity to express their thoughts and ideas for defending their rights leave alone their contributions for nation building. Here, I would like to place on record that Shaishav be praised for raising adequate resources to host the first ever National Children's Collective in 2008. This is an evident example of how Shaishav become a catalyst in building a National Children's Movement. As a commitment we Sakthi Vidiyal and Vidiyal Child Rights Movement, hosted the 2nd NCC in Madurai, Yuva and Bal Sangarsh Samithi hosted the 3rd NCC in Mumbai and the fourth one was hosted again by Shaishav and Balsena in 2018. In the 4th NCC children across the country came and resolved to launch the National Forum for Child Participation (NFPC). On the 13th January 2016 the National Forum for Child Participation was successfully launched and the process of strengthening the NFPC is very much on.

Apart from this direct action in building a National Movement for Children, Shaishav also thrives in building capacities of children and adults in various platforms including CACL, CACT, NACG-EVAC, Child Rights Collective, Gujarat etc., on promoting the concept of Child Participation. I always admire at the stories, songs, games, tools, technics and processes designed by Shaishav in partnership with children to engage children in meaningful participation and equip them with resources to educate others on the importance of Child Participation. A catalyst influences the process but will not appear in the outcome of the process. Same like Shaishav being a catalyst of social change empowers children to be the change makers through their children's movements.

Once again I applaud Shaishav for what has been achieved in the past 25 years and wish everyone, children, parents, community members, volunteers, members of the board and well-wishers the very best in their future endeavours in making history in the Child Rights domain.

I take this opportunity to thank Parul, Falgun, Isha, Shakshi and everyone in Shaishav team for your warm welcome and wonderful hospitality. This is the land Mahatma Gandhi, the Father of the Nation and let Shaishav become another pride of Gujarat for its sustained efforts in building the Child Rights movement in India.

Children's Rights

National Pride.

With best wishes and Warm Regards,

Founder, Executive Director

Sakthi Vidiyal, Madurai, Tamilnadu"

---

“My name is Gitta Rider. I am from Canada and I want to congratulate shaishav to 25 years of unwavering support to children, their development, their rights and their safety.

Shaishav has been a major contribute to the Wenlido movement in India. Wenlido is a personal safety programme that originated in Canada, and in 2001, collectively we made it culturally relevant to the indian context when we started teaching it in Delhi. It is an intensive 20 hours program that has proven effective for women to open the doors, to handle potentially dangerous situations themselves and respond effectively to everyday harassment to threats our lives. And thanks to shaishav we developed girls's program for 3 different ages group and their development and upto today, it's amazing that at least 15,000 girls have gone through this program. Absolutely stunning! And in 2003 shaishav organized the first T.O.T and the last one was in 2017. And their team of trainers continuesly learns while keeping program up to date with changes that occur in the society and the ever changing needs of the girls growing up in these times.

My gratitutde goes Prul and Falgun and the team of Shaishav for holding strong through these challenging times and their creativity and commitment to children their safety and development. Thank you so much and to the next 25 years. Namaste !!

-Gitta”

Founder & Master Trainer of 'Wenlido' main inspirer for global movement for women's safety.

# બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર (૨૦૧૯-૨૦)

બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય સતત વિકસી રહ્યું છે. બાળકો સાથે કાર્ય કરતાં-કરતાં ઘણું શીખવા-સમજવા મળી રહ્યું છે. આ અનુભવો અને સમજ અન્યોની સાથે વહેંચવાનો આનંદ અનેરો છે.

શિક્ષણને મર્યાદિત અર્થમાં ન જોતાં વ્યાપક દ્દષ્ટીથી સમજીએ છીએ. બાળકોના જીવન ઘડતરના અનેક સંભવિત ક્ષેત્રો ખૂલી જાય છે અને તેનાથી બાળપણ-મુકત, બાળપણ-આનંદિત બાળપણને ખીલવાની સર્જનાત્મકતા પણ વિકસતી જાય છે. આમ શૈશવ શીખતી સંસ્થા છે, જે સાતત્યપૂર્ણ રીતે શીખતી રહે છે ! 'શીખવું' મહત્વનું બની રહે છે.

**શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓને તાલીમ :**

શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓના બાળકો તથા કાર્યકરો સાથે અનેકવિધ મુદ્દાઓ જેવા કે બાળ અધિકાર, બાળ સંગઠન, જેન્ડર, કિશોરીવસ્થાના મુદ્દાઓ ઉપરાંત સલામતી-સુરક્ષાથી લઈને સર્જનાત્મક પ્રવૃતિઓના બાળમેળા કે જીવન કૌશલ્યના અનુસંધાનમાં વિચાર કેવી રીતે કરવો, નિર્ણયપ્રક્રિયા, ટીમ બિલ્ડીંગ, સ્વજાગૃતિ, જવાબદારી, પર્યાવરણ-લાઈફ લીયોન્ડ ડેવલપમેન્ટ, બાળ પ્રવૃતિઓના આયોજન, લોકશાહી અને નાગરીકત્વ કે ચૂંટણી પ્રક્રિયાઓ, વેકેશન શિબિર જેવા બાળકો અંગે અવાર-નવાર તાલીમો આ વર્ષ દરમ્યાન યોજવામાં આવી હતી.

આ વર્ષે બાળ અધિકાર સમુહ-ગુજરાત માર્ચ જોડાયેલ સંસ્થાઓ ઉપરાંત ગુજરાતની અન્ય સંસ્થાઓ-નેટવર્ક મળીને લગભગ ૩૦ ઉપરાંત સંસ્થાઓ સાથે તાલીમો યોજવામાં આવી હતી. આ તાલીમોમાં ૩૨૮૦ બાળકો ઉપરાંત ૩૫૭ કાર્યકર ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. આ ઉપરાંત તાલીમકારો તૈયાર કરવાના હેતુથી ૨૪ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન કિશોરાવસ્થા-સલામતી અને સુરક્ષા અંગે તાલીમકારોની તાલીમ અંગે પ્રથમ તબકકાની વિશેષ તાલીમ યોજવામાં આવી હતી.

**શૈશવના કાર્યકરોની તાલીમ :**

શૈશવના કાર્યકરોના ક્ષમતાવર્ધન માટ- નિયમીત અને સતત તાલીમો યોજાતી રહે છે. જેથી કાર્ય અને પ્રવૃતિની અસરકારકતા વધી શકે.

સંસ્થાના નવા જોડાતા કાર્યકરો માટે ઓરીયેન્ટેશન ઉપરાંત આ વર્ષમાં ૨૪ તાલીમો યોજવામાં આવી હતી.

આ ઉપરાંત બાળકોના સંગઠન, બાળસેનામાં સક્રિય અને નેતૃત્વ લેતા બાળકો સાથે પણ વિશેષ તાલીમો થતી હોય છે. જેથી બાળ નેતૃત્વ વિકસે અને તેઓ જવાબદારી લઈ બાળક બાળકના એપ્રોચ દ્વારા અન્ય બાલકોને આ તાલીમોમાં જોડાયા હતાં.

બાળ અધિકાર, સંગઠન, નેતૃત્વ, સુલીંગનું સંશોધન, મૈત્રીની રમતો, વિજ્ઞાન, ફાયરસેફ્ટી, માનવશરિસ, વિવિધ રોગો, સ્વજાગૃતિ-ટીમ બિલ્ડીંગ, કમ્યુનિકેશન, નિર્ણય પ્રક્રિયા જેવા જીવન કૌશલ્યોના મુદ્દાઓ તથા વેકેશન કેમ્પ આયોજન-પ્રવૃતિઓ વિષે યોજાયેલ તાલીમોમાં સંસ્થાના સરેરાશ ૨૨ કાર્યકર ભાઈ-બહેનો દરેક તાલીમમાં ઉપસ્થિત રહ્યા હતાં.

**નેટવર્ક :**

બાળ અધિકારોના સમર્થન અને સહયોગમાં શૈશવ વિવિધ રાજય તથા રાષ્ટ્રીય નેટવર્ક સાથે જોડાઈને કાર્ય કરે છે. આ વર્ષે રાજય તથા રાષ્ટ્રીય સ્તરે આયોજિત <u>૨૦</u> મીટીંગ કે કાર્યક્રમમાં શૈશવના કાર્યકરોએ પ્રતિનિધિત્વ કર્યુ હતું. જયારે <u>૨૫</u> બાળકોએ <u>૧૭</u> કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું.

ઈન્ડીયન મલ્ટીવર્સીટીના ઉપક્રમે મે મહિનામાં ૨૦ થી ૨૫ મે દરમ્યાન હિમાચલ પ્રદેશના બીર ખાતે યોજાયેલ સંમેલન શૈશવમાંથી પારૂલબેન તથા ઈશાબેને પ્રતિનિધિત્વ કર્યુ હતું, જ્યાં કેળવણીના વૈકલ્પિક પ્રવાહો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેંગાલુરુમાં ૨૫ સપ્ટેમ્બર થી ૨ ઓકટોવર દરમ્યાન યોજાયેલ ગ્લોબલ કોન્ફરન્સ ઈન સર્ચ ઑફ વેલ બીઈંગ-રીથીંકીંગ એજયુકેશન એન્ડ ડીકોડીંગ ઈકોનોમીમાં શૈશવમાંથી ઈશાબેને પ્રતિનિધિત્વ કર્યુ હતું.

**પ્લેસમેન્ટ :**

દર વર્ષે જુદી જુદી યુનિવર્સીટી ઓ અને વિદ્યાપીઠોમાંથી વિદ્યાર્થીઓ તેઓના શિક્ષણના ભાગરૂપે શૈશવમાં ૧૫ દિવસ થી લઈને બે-ત્રણ મહિનાના પ્લેસમેન્ટ પર પ્રત્યક્ષ કાર્ય અનુભવ માટે ભાગ લેતા હોય છે. આ વર્ષે લૉ કૉલેજ અમદાવાદ-એમ.એસ.ડબલ્યુ કૉલેજો ભાવનગર-સુરેન્દ્રનગર તેમજ ગુજરાત વિદ્યાપીઠના ૧૧ વિદ્યાર્થીભાઈ-બહેન પ્લેસમેન્ટ લીધુ હતું.

**મુલાકાતીઓ :**

શૈશવના કાર્યના પ્રત્યક્ષ અનુભવ તથા પ્રવૃતિઓ જોવા-જાણવા માટે જુદી-જુદી સંસ્થાના કાર્યકરો, વિદ્યાર્થીઓ તેમજ મહેમાનો સંસ્થાની મુલાકાત લેતા હોય છે. આ વર્ષ દરમ્યાન ૮ સંસ્થાઓમાંથી ૧૬ વ્યક્તિઓએ મુલાકાત લીધી હતી.

# ચાઈલ્ડલાઈન

મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને તત્કાલ સહાયરૂપ થઈ શકાય તેમજ તેની મુશ્કેલી અંગે સરકારના અનેકવિધ વિભાગો કે સંસ્થાઓના સહયોગ માટે સંકલન કરી બાળકની સુરક્ષા અને સલામતી માટે ૧૦૯૮ મફત ફોન સેવા,૨૪ કલાક સાતેય દિવસ કાર્યરત છે. જેની કામગીરી દિન પ્રતિદિન ઘનિષ્ઠ બનતી જાય છે.

સમગ્ર વર્ષ દરમ્યાન આઉટરીચ, ઓપનહાઉસ, ગ્રુપઆઉટરીચ દ્વારા શહેરના અનેક વિસ્તારો, શાળા, આંગણવાડીઓ, કોલેજ, સંસ્થાઓ વગેરેમાં પ્રચાર પ્રસાર ઉપરાંત મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને શોધવાનું કાર્ય કરવામાં આવતું હોય છે. આ ઉપરાંત ફોનની મદદથી પણ બાળકો, વાલીઓ અને નાગરીકો મદદ મેળવતા હોય છે. આ કામગીરીની આંકડાકીય માહિતી પાછળ આપી છે.

આ ઉપરાંત વિશેષ તો બાલસેનાની મદદથી શહેરના ૨૦ વિસ્તારોમાં બાળસુરક્ષા સમિતિની રચના કરી તેમાં વિસ્તારના આગેવાન, બાલદોસ્તો અને બાળકોને સામેલ કરી નિયમિત મીટીંગ દ્વારા પ્રશ્નોની ચર્ચા કરી તેના નિરાકરણના પ્રયત્નો કરવામાં આવતા હોય છે. આ બાળસુરક્ષા સમિતિની નિયમિત મીટીંગ દ્વારા તેઓની સક્ષમતા વધારવાના વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ચાઈલ્ડલાઈન ટીમ જિલ્લા બાળસુરક્ષા એકમ, ચાઈલ્ડ વેલ્ફેર કમીટી, પોલીસ વિભાગ તથા અન્ય બાળગૃહોની સાથે સતત સંકલન કરી બાળકને મદદરૂપ થતી હોય છે.

બાળકો મુશ્કેલીમાં મુકાય તે પહેલા તેઓ પોતાના પ્રશ્નોને ઓળખે, સમજે અને તેના માટે સતર્કતા કે સક્ષમતા કેળવે તે જરૂરીયાત છે. આ અનુસંધાનમાં બાલસેના ટીમ સાથે રહી, ચાઈલ્ડ લાઈન ટીમ કિશોરાવસ્થામાં થતાં શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે બાળકોને તાલીમ આપવામાં મહત્વની ભુમિકા ભજવી રહી છે.

**વિશેષ :**

- ભાવનગર શહેરમાં વિવિધ સ્થળે ભીખ માંગતા બાળકો ભિક્ષાવૃતિ છોડે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. આમ છતાં ખાસ સફળતા ન મળતાં લાંબાગાળાની વ્યુહરચના અપનાવી બાળકો અને કુટુંબોમાં વર્તણુક - વ્યવહાર, વલણોમાં બદલાવ આવે તે માટે તેઓ જયાં રહે છે ત્યાં પ્રવૃતિ આધારિત કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે અને તેનો લાભ નિયમિત રીતે નાના-મોટા ૫૦ ઉપરાંત બાળકો લઈ રહ્યાં છે જેની સીધી અસર એ જોવા મળી છે કે નજીકની આંગણવાડી તથા શાળામાં જતાં બાળકોની નિયમિતતા વધી છે. અને કેન્દ્રમાં નિયમિતતા જળવાઈ રહી છે. આમ તેઓના વલણ અને વ્યવહારમાં ધીમો પણ મકકમ બદલાવ આવી રહ્યો છે. જો કે પડકારજનક કામ છે, પરંતુ બાળકોનું હાસ્ય કાર્યને વેગ આપવા પ્રોત્સાહન આપી રહ્યું છે. હાલમાં ભાવનગરની નજીક સીદસર ગામની વસાહતમાં એક કેન્દ્ર ચાલી રહ્યું છે.

- ચાઈલ્ડ હેલ્પલાઈન માહિતી વધુને વધુ લોકો પાસે પહોંચે તે માટે નિયમીત પ્રવૃતિઓ આઉટરીચ અને ઓપન હાઉસ દ્વારા થાય તે ઉપરાંત વિશિષ્ટ ઉત્સવો દરમ્યાન પણ કરવામાં આવતી હોય છે. રથયાત્રાના પર્વ નિમતિ કાર્યકરો શૈશવની મોબાઈલ વાન સાથે જોડાઈ પત્રિકાઓના વિતરણ દ્વારા સમગ્ર રૂટ પર પ્રચાર કાર્ય કર્યુ હતું.
- આ ઉપરાંત બાળ અધિકાર સમૂહ - ગુજરાત દ્વારા ૧૪ થી ૨૦ નવેમ્બર રાષ્ટ્રીય બાળદિન થી આંતરરાષ્ટ્રીય બાળદિન નિમિતે આયોજિત બાળ અધિકાર સપ્તાહ દરમ્યાન દાંડીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ચાઈલ્ડલાઈનના કાર્યકરો જોડાયા હતાં.
- શૈશવ દ્વારા બાળકોની સુરક્ષાના વ્યાપક મુદ્દાઓને લઈને લગભગ વીસેક વિસ્તારોમાં બાળ સુરક્ષા સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિની નિયમિત મીટીંગ થાય તેમાં ચાઈલ્ડલાઈનના કાર્યકરો વિશેષ પ્રયત્ન કરતાં હોય છે. આ વર્ષ દરમ્યાન ૧૫૬ મિટીંગ યોજાઈ હતી, જેમાં ૯૨૪ વાલીઓ તથા ૮૮૨ બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ મીટીંગમાં બાળમજુરી ઉપરાંત વિસ્તારના પ્રશ્નો પણ ચર્ચાતા હોય છે, માર્ગદર્શન આપવામાં આવે છે. આ બધાના પરિણામે લોકો સ્વયં જવાબદારી લઈ લાગતા વળગતા વિભાગોમાં રજુઆત કરી પ્રશ્નોનું નિરાકણ લાવતા થયા છે. આ વર્ષે વિસ્તારની સફાઈ, રોડ બનાવવાના કાર્ય અને પીવાનું પાણી જેવા પ્રશ્નોના ઉકેલ આવ્યા હતાં.

## વર્ષ દરમ્યાન ટીમ દ્વારા માહિતી આપવામાં આવી :

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| કેટેગરી | કુલ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| શાળા | ૮૩ | ૨૮,૭૦૬ | ૧,૦૯૨ | ૨૯,૭૯૮ |
| આંગળવાડી | ૧૬૫ | ૪,૬૬૧ | ૧,૭૧૬ | ૬,૩૭૭ |
| કોલેજ | ૬ | - | ૬૨૩ | ૬૨૩ |
| હોસ્ટેલ | ૫ | - | ૫૭૪ | ૫૭૪ |
| વિસ્તાર | ૧૦૮ | ૮,૫૬૯ | ૧૦,૨૧૨ | ૧૮,૭૮૧ |
| બાળ સુરક્ષા સમિતિ | ૧૫૬ | ૮૮૨ | ૯૨૪ | ૧,૮૦૬ |
| **કુલ** | **૫૨૩** | **૪૨,૮૧૮** | **૧૫,૧૪૧** | **૫૭,૯૫૯** |

| ક્રમ | કેટેગરી | ૧૦૯૮- ફોન દ્વારા | આઉટરીચ દ્વારા | કુલ | નિરાકરણ | પેન્ડિંગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેડિકલ | ૬ | ૫ | ૧૧ | ૧૧ | - |
| ૨ | શેલ્ટર | ૧૭ | ૮ | ૨૫ | ૨૩ | ૨ |
| ૩ | શોષણ સામે રક્ષણ | ૨૮ | ૯ | ૩૭ | ૩૭ | - |
| ૪ | બાળભિક્ષુક | ૮ | ૨૫ | ૩૩ | ૩૩ | - |

શહેરના અલગ અલગ વિસ્તારોમાં બાળકોના પ્રશ્નો, સમસ્યાઓ અને સુરક્ષા સંબંધીત મુદ્દાઓને સમજવા માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવતું હોય છે. આ વર્ષ દરમ્યાન ૩૭ ઓપનહાઉસના આયોજન દ્વારા ૧૬૩૧ બાળકો સાથે સીધો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગે શાળાની ભૌતિક સુવિધાઓ, રમતગમતના મેદાન, વિસ્તારમા પ્રશ્નો બહાર આવ્યા હતા.

•ભાવનગર નજીકના એક ગામડામાંથી બાળકને આંખની વિશેષ તકલીફ અંગે ફોન આવ્યો. બાળકની ભાવનગર હોસ્પીટલમાં તપાસ કરાવી પણ અમદાવાદ લઈ જવાની સલાહ મળી. અમદાવાદમાં તેઓના કોઈ સગાસંબંધી નહીં !બાળકને કોણ મદદ કરે ? પણ અમદાવાદની ચાઈલ્ડ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો... તુરંત પ્રતિભાવ મળ્યો,'અમે છીએ ને !' સફળ ઓપરેશન થયું. દરેક જિલ્લા/શહેરમાં અલગ અલગ સંસ્થાઓ ચાઈલ્ડલાઈનની કામગીરી સંભાળે પણ આતો એક જ પરિવાર ! બંને ચાઈલ્ડલાઈનનો ઉત્તમ સહયોગ અને ફોલોઅપ... આજે બાળક અને માતા-પિતા ખૂબજ ખૂશ છે.

•ભાવનગરમાં આપણે બાળકોના હિતની રખેવાળી કરે તેવા બાળપ્રેમીઓની મદદથી ચાઈલ્ડ સેફ્ટી નેટ વિકસાવ્યું છે. એક દિવસ એક સેફ્ટીનેટના સભ્યને ફોન આવ્યો, ટીમ પહોંચી ગઈ, બે બાળકો મળ્યા,જે તેમના નાની સાથે રહેતા... માતા હતી નહીં, પિતા ટ્રક ડ્રાઈવર એટલે ૧૦-૧૫ દિવસ ઘરે આવે! નાની પાછા વ્યસની ! એટલે બાળકની કાળજી લેવામાં શરતચુક કરે! કયારેક રસ્તા પર જ સુઈ જાય ! ચાઈલ્ડલાઈન ના સભ્યએ પિતાનો નંબર મેળવી સંપર્ક કર્યો, પરિસ્થિતિ જાણી. બંને બાળકોને ચાઈલ્ડ વેલ્ફેર કમીટી સમક્ષ લઈ જઈ તેઓની મદદથી તાપીબાઈ વિકાસ ગૃહમાં શેલ્ટર અપાવ્યું. બંને બાળકોની ત્યાં પૂરી કાળજી રાખવામાં આવી રહી છે. જો સેફ્ટીનેટના સભ્યએ વિશેષ ધ્યાન રાખી બાળકોની કાળજી લઈ ફોન ન કર્યો હોત તો ?

# બાલસેના

બાળકોનું પોતાનું સંગઠન-બાલસેના સાતત્યપૂર્ણ રીતે ૧૭ વર્ષથી કાર્યરત છે. ઉતાર-ચઢાવ આવે, બાળકોની સંખ્યામાં ફેરફાર થાય પણ બાળકોની પોતીકી આ પ્રવૃતિ સતત ચાલતી રહી છે. શિક્ષણ યાત્રા શાળાકીય શિક્ષણની મર્યાદામાં ન રહેતા અહીંયા વ્યાપક અર્થમાં બાળકો અનુભવે છે કે આત્મસાત કરે છે. અહીં ગણતર થકી ભણતરના મૂલ્યને સમજી સતત આગળ અભ્યાસ કરવાની વૃતિ ઘડાતી જાય છે.

બાલસેના એક એવું પ્લેટફોર્મ છે જે જીવન ઘડતરની કેળવણી સાથે મૈત્રીના મૂલ્યોને દ્દઢ બનાવે છે. આમ અહીંયા જીવનની કેળવણી બાળકોને મળે છે.

સમગ્ર વર્ષ દરમ્યાન શહેરના ૨૦ વિસ્તારો તથા ૧૧ શાળાઓમાં બાળકો સાથે બાળ નેતૃત્વતાલીમ શિબિરો, બાળ અધિકારો વિષે, કિશોરાવસ્થામાં થતાં શારીરિક, માનસિક અનને ભાવનાત્મક ફેરફારો અંગેની પ્રવૃતિ શિક્ષણ તેમજ જીવન કૌશલ્યો વિષે, આર્ટ અને ક્રાફ્ટ વિષે, વિવિધ ઉત્સવો, જીવન ઉપયોગી એકસપોઝ વીઝીટની સાથોસાથખાસ કરીને કિશોરીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરની વેનલીડો, સુરક્ષા-સલામતીની તાલીમો યોજવામાં આવી હતી.

આ ઉપરાંત આ વર્ષે બાળકો સાથે પરંપરાગત અને વિશિષ્ટ રમતોના ઝોનલ સ્તરે ૪ રમતોત્સવ યોજવામાં આવ્યા હતાં, જ્યારે ૧૭મો વાર્ષિક કાર્યક્રમ રમતોની થીમ પણ યોજવામાં આવી હતી.

**૧૭મો વાર્ષિકોત્સવ :**

બાલસેનાનો ૧૭મો વાર્ષિકોત્સવ વિશિષ્ટ બની રહ્યો હતો.આ વર્ષે પરંપરાગત અને સામૂહિક વિશિષ્ટ રમતોની થીમ પર યોજયો હતો. આ વાર્ષિક કાર્યક્રમમાં પર્વતારોહણ તથા ટ્રેકીંગ ક્ષેત્રે કાર્યરત ગ્રીન આઈસ સંસ્થા, વડોદરાના સ્થાપક શ્રી બિમલભાઈ તથા ઝંખનાબહેન વિશેષ અતિથિતરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રેલીનું પ્રસ્થાન જિલ્લાબાળ સુરક્ષા અધિકારીશ્રી નવઘણભાઈ ચૌહાણે કરાવ્યું હતું. રેલી અને ધ્વજવંદન પછી જુદી-જુદી ટીમોમાં બાળકોએ વિશિષ્ટ રમતો રમી હતી અને બપોર બાદ સંમેલન યોજવામાં આવ્યુ હતું. અહેવાલ બાલસેના અધ્યક્ષ શ્રી  દ્વારા આપવામાં આવ્યો હતો. જયારે ઉપસ્થિત વિશેષ અતિથિશ્રી બિમલભાઈએ સ્લાઈડ શોના માધ્યમથી બાળકો સાથે સાહસિક પ્રવૃતિઓ, પર્વતારોહણ, ટ્રેકીંગ, સાયકલીંગ વગેરે અંગે ઉદાહરણ સાથે પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં ૫૮૫ બાળકો તથા ઘરશાળા અધ્યાપન મંદિરની પી.ટી.સી તાલીમાર્થીબહેનો જેઓએ કાર્યક્રમમાં સ્વયંસેવક તરીકે સેવાઓ આપી હતી. તેઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

દર વર્ષની જેમ આ વર્ષે પણ બાલસેનાની વિશિષ્ટ ચૂંટણી પ્રથમ ટીમ સ્તરે અને ત્યારબાદ કાઉન્સીલ સ્તરે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણીઓ યોજવામાં આવી હતી. આ વર્ષે અધ્યક્ષ તરીકે બાળકોએ ખૂશાલ (વિસ્તાર ખારસી) તથા ઉપાધ્યક્ષ તરીકે શ્રી નિહાર અને કોમલ (વિસ્તાર એસ.ટી વર્કશોપ અને મારૂતીનગર) ને ચૂંટી કાઢયા હતાં. આ પ્રસંગે ભાવનગરની પ્રસિદ્ધ સંસ્થા શિશુ વિહારના માનદ મંત્રીશ્રી નાનકભાઈ ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહી બાળકોને પ્રેરણાત્મક સંબોધન કરી પ્રોત્સાહીત કર્યા હતાં. આ ઉપરાંત બાળકોની બચત પ્રવૃત્તિનો અહેવાલ પણ આપવામાં આવ્યો હતો.

આ વર્ષ દરમ્યાન વિસ્તારોમાં બાળ  સુરક્ષા સમિતિની કુલ ૧૩૭ મીટીંગો યોજાઈ હતી જેમાં ૮૧૨ બાળકો તથા ૮૨૮ મળીને કુલ ૧૬૪૧ વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી.

આ વર્ષે વિસ્તારો તથા શાળામાં દર અઠવાડીયે થતી પ્રવૃત્તિઓમાં એક્સપોઝર વીઝીટ, જીવન કૌશલ્યોની પ્રવૃત્તિઓ , બાળ અધિકારોની જાણકારી, વેસ્ટમાંથી બેસ્ટ, પ્રદર્શનો, પેપરક્રાફ્ટ, વિજ્ઞાન, નેચર કનેકટ, પાણીજન્ય રોગો, બાળ અધિકારોમાં આર્ટીકલ ૧૫ હેઠળ બાળસંગઠન, સર્જનાત્મકતાની સાથોસાથગાંધીનિર્વાણ દિન, પ્રજાસત્તાક દિન, નવરાત્રી જેવા ઉત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યસન મુક્તિ તેમજ કિશોરાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે ભાવનાઓની કાળજી લેવી, હકારાત્મક અને નકારાત્મક બાબતો જેવા મુદ્દાઓની તાલીમ અને કાર્યક્રમો યોજાયા હતાં.

બાલસેનાની આંકડાકીય માહિતી  :-

૧. બાલસેના કાર્યરત - વિસ્તારો - ૨૦

૨. બાલસેના કાર્યરત - શાળાઓ - ૧૧

બાલસેના સભ્ય સંખ્યા - છોકરાઓ : ૭૪૭ છોકરીઓ : ૭૪૩  કુલ : ૧૪૯૦

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## સંસ્થાના કાર્યકરો દ્વારા બાળકો સાથેની પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શૈશવ દ્વારા વિસ્તારના બાળજૂથો સાથેની પ્રવૃત્તિઓ | ૧૦૭૭ | ૧૬૦૨૭ | ૧૩૮૯૩ | ૩૦૦૧૦ |
| ૨ | શૈશવ દ્વારા વિસ્તારના જૂથોના સંયુક્ત કાર્યક્રમો | ૮ | ૪૩૨ | ૫૧૪ | ૯૪૭ |
| ૩ | નિવાસી તાલીમ શિબિર | ૫ | ૨૧૫ | ૨૧૧ | ૩૦૬ |
| ૪ | એક દિવસની તાલીમ શિબિર | ૧૨ | ૩૯૧ | ૩૨૩ | ૭૧૪ |
| ૫ | કિશોર મંડળ પ્રવૃત્તિ | ૧૧૨ | ૧૫૭૨ | - | ૧૫૭૨ |
| ૬ | કિશોરી મંડળ પ્રવૃત્તિ | ૧૧૨ | - | ૧૫૫૪ | ૧૫૫૪ |
| ૭ | વાર્ષિક સંમેલન | ૧ | ૨૬૯ | ૩૧૬ | ૫૮૫ |
| ૮ | વેનલીડો - સ્વરક્ષણ તાલીમ કિશોરીઓ માટે | ૨૩ | - | ૪૯૩ | ૪૯૩ |
| ૯ | બાળમેળા | ૮ | ૧૮૬ | ૧૭૯ | ૩૬૫ |
| ૧૦ | બચત પ્રવૃત્તિ - વાર્ષિક કાર્યક્રમ તથા અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ચૂંટણી કાર્યક્રમ | ૧ | ૬૫ | ૩૮ | ૧૦૩ |
| ૧૧ | કિશોરાવસ્થા-બાળ તાલીમકારોની તાલીમ | ૫ | ૧૪૫ | ૧૨૬ | ૨૭૧ |
| | **કુલ** | **૧૩૬૪** | **૧૯૩૦૨** | **૧૭૬૪૭** | **૩૬૯૨૦** |

## બાળનેતૃત્વ - બાળકો દ્વારા બાળકો સાથેની પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમ | ૧૦૦ | ૧૩૩૬ | ૧૨૪૪ | ૨૫૮૦ |
| ૨ | બાલસેના કાઉન્સીલ સભ્યો તથા સક્રિય સભ્યોની મીટીંગ | ૯ | ૨૫૨ | ૨૦૧ | ૪૫૩ |
| ૩ | ભાવનગરના સ્થળોની મુલાકાત | ૪૦ | ૫૨૧ | ૪૦૮ | ૯૨૯ |
| ૪ | વિસ્તારમાં બાળજૂથો સાથે બાળકો દ્વારા મીટીંગ | ૧૪૪ | ૨૧૩૪ | ૧૯૯૪ | ૪૧૨૮ |
| | **કુલ** | **૨૯૩** | **૪૨૪૩** | **૩૮૪૭** | **૮૦૯૦** |

## બચત પ્રવૃત્તિ

| | |
|---|---|
| વર્ષની ઉઘડતી સિલક | ૭૯,૮૧૫ |
| વર્ષ દરમ્યાન બચત | ૧૭,૦૬૫ |
| કુલ | ૯૬,૮૮૦ |
| વર્ષ દરમ્યાન ઉપાડ | ૩૫,૫૭૦ |
| વર્ષ અંતની સિલક | ૬૧,૩૧૦ |
| સભ્ય સંખ્યા | ૪૦૦ |

# આરણ્યક

બાળકો સાથેના કાર્યના અનુભવોમાંથી શીખીને આપણે નૂતન કાર્યક્રમ 'આરણ્યક' નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના પોમલાપાડા, સામરપાડા, સેજપુર અને થપાવી ગામને કેન્દ્રમાં રાખીને શરૂ કર્યો અને ધીમે-ધીમે કરતાં હવે કાર્ય ગતિ પકડી રહ્યું છે. હાલમાં ૫ ગામોમાં શાળા સમય પછી બાળકો સાથે સાંજના સમયે પ્રવૃતિઓ સ્થાનિક કાર્યકરોની મદદથી ચાલી રહી છે. અહીં શિક્ષણ ઉપરાંત વિશેષ કરીને જીવન કૌશલ્યો આધારિત પ્રવૃતિઓ દ્વારા બાળકોની વચ્ચે મૈત્રી, આત્મવિશ્વાસ, નિર્ણય કરતાં થાય, જવાબદારી અને પહેલ કરે તે બાબતોને શીખવવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં ૨૯૯ બાળકો જોડાયેલા છે.

આ ઉપરાંત આસપાસની ૮ આશ્રમશાળાઓમાં જીવન કૌશલ્યો આધારિત પ્રવૃતિઓ, કિશોરાવસ્થામાં થતાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો તથા કિશોરીઓની સુરક્ષા અને સલામતી માટેનો વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ 'વેનલીડો'ની તાલીમ આપવામાં આવી રહી છે. જ્યારે ૨ ગામની નિશાળમાં પણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. આમ ધોરણ ૫ થી ૧૧ ના અંદાજે ૧૩૧૩ બાળકો આ કાર્યનો લાભ લઈરહ્યાં છે.

અહીં બાળકોને મઝા પડે - આનંદ આવે, ભાર વગરનું ભણતર મળે તે રીતે વિવિધ માધ્યમ - પ્રવૃતિ થકી શિક્ષણ કરાવવામાં આવી રહ્યું છે. બાળમેળા ઉપરાંત સ્થાનિક ઉત્સવોની ઉજવણી, કિશોરાવસ્થા જાગૃતિ કાર્યક્રમ, સુરક્ષા અને સલામતીનો કાર્યક્રમ થઈરહ્યા છે.

શરૂઆતમાં આ ગામોનો બેઝલાઈન સર્વે પણ કર્યો હતો જેથી હાલમાં બાળકોની સ્થિતિ તેમજ ગામની વસ્તી, સામાજિક - આર્થિક સ્થિતિ વગેરે વિષે માહિતી મેળવી હતી, જેમાં કુલ ૬૪૧ ઘરને આવરી લેવામાં આવ્યા હતાં.

હાલમાં ગામલોકો તથા બાળકો સાથેનો સંબંધ વિકસતો જાય છે. આ માટે ઘરની મુલાકાતો, ફળિયા મીટીંગ, માતા-પિતા સાથે મીટીંગ કરી રહ્યાં છે. આપણા માટે આ નવો વિસ્તાર છે તેથી સ્થાનિક પરિવેશને સમજવો પણ જરૂરી છે. ગ્રામજનો અને આગેવાનો તરફથી ટેકો મળી રહ્યો છે.

આરણ્યક કાર્યક્રમમાં પર્યાવરણનો મુદ્દો અતિ મહત્વનો છે. સ્થાનિકથી લઈ વૈશ્વિક સ્તરે અતિ સંવેદનશીલ અને ત્વરીત એકશન માંગતો મુદ્દો છે. બાળકો બાળપણથી જ પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય, સમગ્ર સ્થિતિને સમજે અને સાથોસાથપોતાની જીવનશૈલીને ઓળખે-તપાસે અને પોતાની ટેવો-વ્યવહારોને બદલે એ ઉદ્દેશથી 'લાઈફ બીયોન્ડ ડેવલપમેન્ટ' વિશેષ વર્કશોપ બાળકો માટે યોજવામાં આવે છે. આ વર્ષે એક શૈશવ બાલસેનનાના બાળકો માટે તથા ગણતર સંસ્થાના માટે બે વર્કશોપ યોજવામાં આવ્યા હતા.

યુનીસેફના શ્રી અંકુશસિંઘ પણ આ કાર્યને નિહાળવા તથા સમજવા મુલાકાત ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ આવ્યા હતા. આ ઉપરાંત બાળમૈત્રીપૂર્ણ પંચાયતનું કાર્ય થઈ શકે કે કેમ તે પણ સમજવું હતું. આ માટે સામરપાડા ગામના સરપંચ અને સભ્યો સાથે મીટીંગ યોજી હતી અને તેનો સુંદર પ્રતિભાવ મળ્યો હતો.

આ કાર્યક્રમ માટે આર્થિક સહયોગ અવેર ફાઉન્ડેશન યુ.કે દ્વારા મળી રહ્યો છે. આ અનુસંધાનમાં તેઓના ટ્રસ્ટીશ્રીઓ શ્રી જયેશભાઈ અને શ્રી રાજેશભાઈ પણ ૫ ફેબ્રુઆરીના રોજ મુલાકાતે આવ્યા હતા.

આ વર્ષ દરમ્યાન આ વિસ્તારમાં કાર્યરત વિવિધ સંસ્થાઓ સેવા-રૂરલ, શ્રોફ ફાઉન્ડેશન, આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ તથા વ્યકિત વિશેષ ડો. અશોકભાઈ ગોહિલ, શ્રી ધીરેનભાઈ સોનેજી, શ્રી મહેન્દ્રભાઈ અને ભારતીબેન ભટ્ટ વગેરેને પણ મળ્યા અને તેઓના અનુભવો - કાર્યોને સમજવાનો પ્રયત્ન કર્યો હતો.

## આંકડાકીય માહિતી

| ક્રમ | પ્રવૃતિ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૫ ગામમાં બાળપ્રવૃતિ | ૧૩૮ | ૧૬૧ | ૨૯૯ |
| ૨ | ૮ આશ્રમશાળા + ૨ નિશાળ | ૫૬૫ | ૭૪૮ | ૧૩૧૩ |
| ૩ | જીવન કૌશલ્યો અને કિશોરીવસ્થામાં થતા વિવિધ ફેરફારો | ૫૬૫ | ૭૪૮ | ૧૩૧૩ |
| ૪ | બાળમેળા | ૯૮૫ | ૧૨૪૦ | ૨૨૨૫ |
| ૫ | કિશોરીઓ માટે સ્વરક્ષણ અને સલામતી ‘વેનલીડો’ તાલીમ | - | ૨૭૨ | ૨૭૨ |

## વર્ષ ૨૦૧૯-૨૦ માં મળેલ દાનની યાદી :

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | મર્સિડીઝ બેન્ઝ ઈન્ડિયા | પુણે | ૨૫,૦૦,૦૦૦ |
| ૨ | એસ્ટેટ ઓફ ઈન્દુ ચંદ્રકાંત પારેખ | મુંબઈ | ૫૦૦,૦૦૦ |
| ૩ | ગૃહ ફાઈનાન્સ લીમીટેડ | અમદાવાદ | ૨૬૯,૪૭૧ |
| ૪ | વિદ્યા પ્રોત્સાહક ટ્રસ્ટ | ભાવનગર | ૧૦૦,૦૦૦ |
| ૫ | ડૉ. ભારતીબેન એસ. મલીક | વલસાડ | ૫૦,૦૦૦ |
| ૬ | પારૂલબેન શેઠ | ભાવનગર | ૩૪,૦૦૦ |
| ૭ | ફાલ્ગુનભાઈ શેઠ | ભાવનગર | ૩૪,૦૦૦ |
| ૮ | પ્રણવભાઈ સવાઈ | બેંગલુરૂ | ૨૫,૦૦૦ |
| ૯ | કોલીન ડિસોઝા | પુણે | ૧૫,૦૦૦ |
| ૧૦ | રેખાબેન પંકજભાઈ શાહ | મુંબઈ | ૧૧,૦૦૦ |
| ૧૧ | મનોજભાઈ ડી. આનંદપુરા | અંકલેશ્વર | ૧૧,૦૦૦ |
| ૧૨ | શ્રીમતિ. રાધીકાબેન એચ. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૧૩ | દમયંતિબેન મોદી | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૪ | રામચંન્દ્રભાઈ પંચોલી | સણોસરા | ૧૦,૦૦૦ |
| ૧૫ | એક્સેલ ક્રોપ કેર લીમીટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૬ | ડૉ. ભરતભાઈ એમ. શાહ | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૧૭ | ગુણવંતરાઈ એન. જોષી | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૮ | ઈશા શેઠ | ભાવનગર | ૮,૦૦૦ |
| ૧૯ | યજ્ઞેશકુમાર પટેલ | ગોધરા | ૫,૦૦૦ |
| ૨૦ | ઈલાબેન ભદ્રાયુભાઈ વછરાજાની | રાજકોટ | ૫,૦૦૦ |
| ૨૧ | અરૂણાબેન ભરતભાઈ ઘેલાણી | મુંબઈ | ૫,૦૦૦ |
| ૨૨ | બીમલભાઈ પી. શેઠ | વડોદરા | ૫,૦૦૦ |
| ૨૩ | છાયાબેન મચાનભાઈ પંડ્યા | ઝગડીયા | ૫,૦૦૦ |
| ૨૪ | હર્ષાબેન અશ્વીનભાઈ શાહ | નવસારી | ૫,૦૦૦ |
| ૨૫ | ડૉ. ભરતભાઈ એન. પંચાલ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૬ | મહેન્દ્રભાઈ ઉત્તમચંદ શાહ | ભાવનગર | ૪,૦૦૦ |
| ૨૭ | શીલ્પા જે. મેહતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૨૮ | હરસુખ બી. મેહતા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૩,૫૦૦ |
| ૨૯ | ફલક બિમલભાઈ શેઠ | વડોદરા | ૨,૫૦૦ |
| ૩૦ | મેહુલભાઈ દવે | વડોદરા | ૨,૧૦૦ |

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| | | | |
|---|---|---|---|
| ૩૧ | ડો. વિરચ શાહ | નડિયાદ | ૨,૦૦૦ |
| ૩૨ | જયશ્રીબેન બંકિમભાઈ શેઠ | ઝગડિયા | ૨,૦૦૦ |
| ૩૩ | બંકિમભાઈ શેઠ | ઝગડિયા | ૨,૦૦૦ |
| ૩૪ | ડો કે.કે જાની | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૫ | મગનભાઈ પટેલ | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૬ | નમન આર. જોષી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૭ | વર્ષાબેન શાહ | વડોદરા | ૨,૦૦૦ |
| ૩૮ | મોહનભાઈ મકવાણા | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૯ | સાધનાબેન આર. શાહ | અમદાવાદ | ૨,૦૦૦ |
| ૪૦ | અપૂર્વભાઈ બિપીનભાઈ શાહ | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૧ | શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લીમીટેડ | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૨ | પાર્થભાઈ બંકિમભાઈ શેઠ | ઝગડિયા | ૧,૦૦૦ |
| ૪૩ | વિનોદભાઈ શાહ | ઝગડિયા | ૧,૦૦૦ |

## વિદેશમાંથી મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ગ્લોબલ ગિવિંગ | યુ.એસ.એ | ૧,૭૨,૦૨૦.૧૧ |
| ૨ | જોન વેટલસન | નોર્વે | ૧૫,૩૬૫ |

## FINANCIAL STATEMENT 2019-20

| Funds & Liabilities | AS ON 31.03.2020 | AS ON 31.03.2019 |
|---|---|---|
| Trust Funds or Corpus | 7,70,581.00 | 2,70,581.00 |
| Other Earmarked Funds | 1,12,78,343.40 | 1,12,78,343.40 |
| (a) Building Fund | | |
| (b) Non Recurring | 55,34,658.00 | 55,34,658.00 |
| (c) Un Utilized Fund | 15,43,347.54 | 1,94,926.00 |
| (d) Aaranayak Project Fund | 8,05,778.00 | 4,92,778.00 |
| (e ) Balsena Project Fund | 11,61,087.54 | ------------ |
| Other Liabilities | 39,49,163.86 | 42,63,622.86 |
| Income & Expenditure Account | 2,23,12,852.98 | 2,03,18,139.04 |
| **Total** | **4,73,55,812.32** | **4,23,53,048.30** |

| ASSETS | AS ON 31.03.2020 | AS ON 31.03.2019 |
|---|---|---|
| Immovable Properties | 99,35,903.00 | 99,35,903.00 |
| Furniture & Fixture | 48,05,970.00 | 48,05,970.00 |
| Unit Trust of India M. F. | 20,00,000.00 | 20,00,000.00 |
| Loan & Advance | 6,300.00 | 6,300.00 |
| Income Receivable | 15,71,050.60 | 24,37,067.90 |
| Cash & Bank Balance | 2,90,36,588.72 | 2,31,67,807.40 |
| **Total** | **4,73,55,812.32** | **4,23,53,048.30** |

| EXPENDITURE | AS ON 31.03.2020 | AS ON 31.03.2019 |
|---|---|---|
| Establishment Expenses | 3,05,538.67 | 77,621.08 |
| Legal Expenses | 40,000.00 | ------- |
| Contribution to Charity Commi. | ----------- | ------- |
| Expenses on the Object of Trusts | 67,11,957.00 | 61,08,326.00 |
| Amts.Tr.to reserve or specific Fund | 13,73,888.54 | 4,37,753.00 |
| SurpluscarriedovertoBalanceSheet | 19,94,713.94 | 22,82,737.39 |
| **Total** | **1,04,26,098.15** | **89,06,437.47** |

| INCOME | AS ON 31.03.2020 | AS ON 31.03.2019 |
|---|---|---|
| Interest | 15,56,610.00 | 13,32,152.00 |
| Donation | 29,14,858.00 | 39,75,635.22 |
| Grant | 55,23,986.54 | 30,62,503.00 |
| Unit Trust of India Dividend | 1,19,961.61 | 1,36,449.25 |
| Training & Workshop fees | 2,60,841.00 | 1,59,701.00 |
| Misc. Income | 49,841.00 | 2,39,997.00 |
| Transfer From Reserved Fund | ------------ | ------- |
| **Total** | **1,04,26,098.15** | **89,06,437.47** |

Place : Ahmedabad

Date : 26-10-2020

For Shaishav

Falgun Sheth
Managing Trustee

For Dilip R. Shah &Co

Dilip R. Sheth, Proprietor
Chartered Accountent

# શૈશવ રજત જયંતિ કાર્યક્રમની તસ્વીરોની ઝલક



મહેમાનોનું બાળકો દ્વારા અનોખું સ્વાગત



કાર્યક્રમમાં ઉપસ્થિત શુભેચ્છકો



કાર્યક્રમમાં ઉપસ્થિત શુભેચ્છકો



સૌનું સ્વાગત ટ્રસ્ટી શ્રી અનીતાબહેન દ્વારા



જાણીતા ચિંતક શ્રી સુભાષભાઇ ભટ્ટ



જાણીતા સાહિત્યકાર પ્રો. શ્રી મહેન્દ્રસિંહ પરમાર





સંસ્થાના સ્થાપકો સાથે પ્રશ્ન ગોષ્ઠિ

શૈશવ
બાળ અધિકાર સંસ્થા



બાળપણ એક અવિરત ખોજ - પુસ્તક વિમોચન



શૈશવ અને પ્રયોગો - વકતવ્ય આપતા
શ્રી સુભાષભાઇ ભટ્ટ, ડો. ભદ્રાયુભાઇ વચ્છરાજાની,
શ્રી રાજેષભાઇ ભટ્ટ અને શ્રી સુખદેવભાઇ પટેલ



મદુરાઇની સંસ્થા શકિત વિડીયલ દ્રારા સ્મૃતિ ચિન્હ



નેશનલ ફોરમ ફોર ચાઇલ્ડ પાર્ટીસીપેશન ના
શ્રી જીમ જેસુદોસ



એનએસીજી ના કન્વીનર શ્રી રંજન મોહંતી



જાણીતા ગાંધી ચિંતક શ્રી રમેશભાઇ સંઘવી



બાલસેના - તરૂણસેના સાથે શ્રી નેહલબેન
દ્રારા રેપીડ પ્રશ્નોતરી



હ્યુમન લાઇબ્રેરી - મહેમાનો સાથે પોતાની વાત
પોતાનુ પુસ્તક બાળકો અને કાર્યકરો દ્રારા



હ્યુમન લાઈબ્રેરી - મહેમાનો સાથે પોતાની વાત
પોતાનુ પુસ્તક બાળકો અને કાર્યકરો દ્વારા




શ્રી વીરેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા ગીત ગુંજન




ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ
શ્રી સુદર્શનભાઈ આયંગર



આરણ્યક કાર્યક્રમનો પ્રારંભ -
તરૂણ સેનાને તુલસીના છોડને અર્પણ
કરતા શ્રી દિલીપભાઈ દેસાઈ




ટ્રસ્ટી શ્રી ડો. પંકજભાઈ શાહ દ્વારા આભાર દર્શન





મહેમાનો અને બાળકો સાથે મૈત્રીની રમતો દ્વારા બાળપણની મઝા

શૈશવ
બાળ અધિકાર સંસ્થા





શ્રી નરેન્દભાઇ શાસ્ત્રી દ્વારા મહેમાનો અને બાળકો સાથે ગીતોની રમઝટ - રાત્રી કાર્યક્રમ



બાલસેના કિશોરીઓ સાથે સંમેલન



બાળકો સાથે તાલીમ વર્કશોપ






બાલસેના વાર્ષિકોત્સવ માં જાણીતા પર્વતારોહક શ્રી બિમલભાઇ શેઠ



વાર્ષિકોત્સવમાં વિવિધ જીવન કૌશલ્યોની રમતો



વાર્ષિકોત્સવ પ્રસંગે બાળકોની રેલી-મહેમાનો સાથે






શૈશવ દ્વારા અન્ય સંસ્થાના કાર્યકરોને એડોલેશન્ટ ના મુદ્દા પર તાલીમકારોની તાલીમ







ચાઈલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮ પ્રચાર - પ્રસાર



આરણ્યક કાર્યક્રમની મુલાકાતે મહેમાનો



વાલી મીટીંગ





બાળકો સાથે પ્રવૃતિઓ



તરૂણાવસ્થાનું માર્ગદર્શન



શરીર વિજ્ઞાનની પ્રવૃતિ કરતી વિદ્યાર્થીનીઓ

| વિગત | અમલ |
|---|---|

## (A) નોંધણી :

| | |
|---|---|
| • સંસ્થાનું નામ | • **શૈશવ** |
| • રજી. સરનામું | • **આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ** |
| • કાર્ય સ્થળનું સરનામું | • **બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧** |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | • Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ) રજીસ્ટેશન | • HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | • DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | • AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | • 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર<br>• આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>• યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર |

## (B) સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા

| | |
|---|---|
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં રજૂઆત | • સ્પષ્ટ અને દઢ રજૂઆત |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | • સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • સભાન પ્રયત્નો |

## (C) વહીવટ અને સંચાલન સંચાલક મંડળના સભ્યો/ ટ્રસ્ટીઓ

• ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે
• ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો
• ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત
• ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
• ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.
• બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી
વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૩ મીટીંગ યોજાઈ હતી
• સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્ય માટે માસિક રૂા. ૪૮,૦૦૦/- લેખે માનદવેતન ચૂકવવામાં આવે છે.

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| | |
|---|---|
| **(D) દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો, સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ** | • દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ કાર્યની વહેંચણી જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ |
| **(E) કાર્યકારી સલાહકાર જૂથ સંસ્થામાં વિવિધ નીતિ-માર્ગદર્શન** | • બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા<br>• રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.<br>• સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.<br>• સંસ્થાના કાર્યકરો માટેની નીતિ નિયમોની માર્ગદર્શીકા છે.<br>• બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.<br>• એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ<br>• મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઈ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે. |

## (F) માનવ સંસાધન

• વેતન ધોરણો
• હાલના કાર્યકરો

• અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં

પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૯ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૫૦૦૦ થી નીચે | - | ૧ | ૦ | ૧ | ૧ |
| ૫૦૦૦ થી ૧૦,૦૦૦ | ૧૫ | ૨ | ૧૦ | ૭ | ૧૭ |
| ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ | ૩ | - | ૨ | ૧ | ૩ |
| ૧૫,૦૦૦ થી વધુ | ૬ | - | ૫ | ૧ | ૬ |

• હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૧૧ | ૬ | ૧૭ |
| ૩ થી ૫ વર્ષ | ૧ | ૨ | ૩ |
| ૧૦ થી વધુ વર્ષ | ૫ | ૨ | ૭ |
| કુલ | ૧૭ | ૧૦ | ૨૭ |

| | |
|---|---|
| • નિમણૂંક પત્રો | • તમામને આપવામાં આવે છે. |
| • પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો | • નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે. |
| • પર્સનલ એકસીડન્ટ પોલીસી | • તમામ કાર્યકરોની લેવામાં આવે છે. |
| • સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ | • સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. |
| • મીટીંગો | • દર અઠવાડીયે કો ઓર્ડીનેશન મીટીંગ<br>• દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો<br>• લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ |
| • ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ | • ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન<br>• ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો<br>• રસ રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે. |

## (G) જવાબદેહીતા અને પારદર્શિતા

| | |
|---|---|
| • પ્રકાશનો | |
| • વાર્ષિક અહેવાલ | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વાર્ષિક હિસાબો | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • 'નિસ્બત' મુખપત્ર | • દર ત્રણ મહિને સંસ્થાનું મુખપત્ર પ્રકાશિત કરવાનો પ્રયત્ન થાય છે. |
| • વેબસાઈટ | • સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અધતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ** | |
| • બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે. |
| • હિસાબી પધ્ધતિ | • સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • નાણાંકીય લેવડ દેવડ | • દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| • ચાર્ટડ એકાન્ટન્ટ દ્વારા ઓડિટ | • દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ સંસ્થામાં જે તે પ્રોજેકટ ગ્રાંટ હેઠળ તેમજ આયોજક સંસ્થાએ ભોગવ્યો છે.<br><br>વર્ષ દરમ્યાન શ્રી પારૂલબેન શેઠ દ્વારા ફ્રાંસ, નોર્વે અને યુકેની આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી હતી અને તેનો ખર્ચ આયોજક સંસ્થા તથા શુભેચ્છકોએ ભોગવ્યો છે. (માત્ર લંડનથી પેરીસની રીર્ટન ટીકીટનો ખર્ચ શૈશવ દ્વારા ભોગવવામાં આવ્યો છે.) |

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

# નાના નાના બાળ

ભલે નાના નાના બાળ અમે આજે રે , કાલ ( ૨ )
અમે મોટા થાશું ને જગ દોરશું,
ખડતલ શરીર મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,
સાચા માનવ બની જીવતર જીવશું... અમે.

ઊંચનીચ ભેદો આ દુનિયા ના ટાવળા,
નાતો જાતો ને ધર્મ વાડાઓ તોડવા
બધી શક્તિ અમારી વિશ્વ ચરણે ધરશું... અમે.

જગના અંધારને દૂર દૂર હાંકવા,
સાચા તે જ્ઞાનના દીવા પ્રગટાવવા
અમે જાતે સળગી ઘરે ઘરે ઘુમશું... અમે.

પૈસાના જોર આજે માનવી મપાય છે,
કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે
કરી સર્વોદય સાચો સમાજ રચીશું... અમે.



*જીવીએ ત્યાં સુધી શીખીએ*
-શ્રી રામકૃષ્ણ પરમહંસ